જુનામાં જુનુ એટલે..
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
લેડીઝ તેમજ જેન્ટસ સીંગર સાથે
-: સરનામું :-
ચાંદની ચોક, અમરેલી
ઝનકાર બ્રાસ બેન્ડ
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ આસો સુદ ૧૫ વર્ષ : ૨૮ અંક ૩૬૩

### આસો મહિનામાં દિવાળીનાં ફટાકડા પણ હવાય જાય તેવું વાતાવરણ : આસોએ અષાઢ જેવા માહોલથી ચિંતાની લાગણી

# અમરેલી જિલ્લામાં લીલો દુકાળ : કુંડલા પંથકમાં મીની વાવાઝોડુ

### આંબરડીમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે પવન ફુંકાતા તોતીંગ વૃક્ષો પડી ગયાં : આંબરડી-અભરામપરા વચ્ચે રસ્તો બંધ : વિજળી પડતા ભેંસનું મોત

### જાળીયામાં દોઢ ઇંચ, ખાંભા અને બગસરામાં એક ઇંચ, અમરેલી અને ચલાલામાં જોરદાર જાપટા : વડીયાનાં દેવળકીમાં પાથરા તણાયાં : ખેતીપાકોને નુક્શાન

અમરેલી, અમરેલી જિલ્લામાં ફરી મેઘરાજા મહેરબાન થયા હોય તેમ અમરેલી,વડીયા,સાવરકુંડલા,બગસરા સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને કારણે ખેતીપાકોને વ્યાપક



**અમરેલીમાં ભાજપ અગ્રણી દિનેશભાઇ પોપટનાં ઘર પાસે વિજળી પડતા વિજ ટ્રાન્સફોર્મર બંધ થતા તત્કાલ બદલાવીને વિજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો**

નુક્શાન થયું છે. સાવરકુંડલાનાં

(અનુ. પાના નં.૭)

### અત્યાર સુધી પ્રમાણસર વરસાદ પછી અમરેલી જિલ્લામાં રહી રહીને વર્ષ ફગી જતા ધરતીપુત્રો ઉપર આભ તુટયું : ઢોરના મોએ થી પાલો પણ છીનવાયો

# જિલ્લામાં ખેડુની ચાર મહીનાની મહેનત ઉપર પાણી ફરી વળ્યું

### મગફળીનો પાક નિષ્ફળ : ખેડુતોના હાથમાં રૂપિયા હોય તો જ બજારોમાં રોનક આવે બાકી વેપારીઓએ બોણી વગર બેસવુ પડે

અમરેલી,(ફીલ્ડ રિર્પોટર)

અત્યાર સુધી પ્રમાણસર વરસાદ પડયા પછી અમરેલી જિલ્લામાં રહીરહીને વર્ષ ફગી જતા ધરતીપુત્રો ઉપર આભ તુટયું છે એટલુ જ નહી ઢોરના મોએ થી પાલો પણ છીનવાયો છે કારણ કે મગફળીનો પાક નિષ્ફળ જાય તો તેના ઉપરના છોડ જેને પાલો કહેવાય છે તે ઢોર માટે રહેતો હોય છે પણ આ વખતે પાછોતરા વરસાદ પાલાને પણ ખેતરોમાંથી તાણી જતા જિલ્લામાં ખેડુની ચાર મહીનાની મહેનત ઉપર પાણી ફરી વળ્યું છે અને તહેવારો ઝાંખા થાય તેવી સ્થિતિ ઉભી થઇ હોયય સરકાર વહારે આવે તે જરુરી છે.

પહેલા ક્રમે કપાસ પછી મગફળીનો પાક લેવાય છે પણ છેલ્લા એક અઠવાડીયાથી ખેતરમાં તૈયાર થયેલા કપાસ મગળફી અને સોયબીનના પાકમાં ભારે નુકસાની થઇ રહી છે કારણ કે હાલમાં ખેતરોમાં માંડળી ઉપાડેલી પડી હોય તેના પાથરા પડયા હોય છે અને તે તૈયાર પાક ઉપર વરસાદ પડતા મગફળીનો તૈયાર થઇ ગયેલો પાક નિષ્ફળ ગયો છે.

અમરેલી જિલ્લાનું અર્થ તંત્ર સંપુર્ણ રીતે ખેતી ઉપર નિર્ભર છે જો ખેડુતોના હાથમાં રૂપિયા હોય તો તે જ રૂપિયા બજારમાં આવતા હોય છે અને તેના થી જ બજારોમાં રોનક આવે છે બાકી

(અનુ. પાના નં.૭)

### દિવાળી નજીક આવી : ખેડુતોના હાથમાં રૂપિયા ક્યાથી આવશે ? : સરકારી નોકરીયાતોના પગાર ઉપર દિવાળી ન થાય

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઇનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૪૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

સ્વપ્ન થશે સાકાર
N.J. SECURITIES SINCE 1988
તમે શેમાં કરશો રોકાણ ???
મ્યુચ્યુઅલ ફંડ
ફિક્સ ડિપોઝીટ
બોન્ડ્સ
લાઇફ ઇન્સ્યોરન્સ
હેલ્થ ઇન્સ્યોરન્સ
ઇક્વિટી કોમોડિટી ટ્રેડિંગ
ડિમેટ સર્વિસ
પી. એમ. એસ.
N. J. Securities
"શ્રીજી કૃપા", કાપડ બજાર, જુની શાકમાર્કેટ પાછળ, અમરેલી
94295 01579
94292 01579
ફોન : (02792) 220 579 - 232 579
www.njsecurities.in | Info@njsecurities.in

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૯૧૫૮

## લીગલ જાહેર પ્રસિધ્ધી

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **અનિલ કે.સાવલીયા** ઠે.મામલતદાર કચેરી સામે, બગસરા, તા.બગસરા, જી.અમરેલી વાળા તે અમારા અસીલશ્રી **મેહુલભાઇ વિઠલભાઇ ગેવરીયા** ઉ.વ.૪૨, રહે.મુળ મોટી કુંકાવાવ / વડીયા, હાલ - એ - ૧૦૧, અશ્વમેઘા વિલા, યોગી ચોક, નિલકંઠ પ્લાઝા પાસે, સુરત, જી.સુરત વાળાની મળેલ માહિતી ફરમાઇશ મુજબ આ લીગલ જાહેર પ્રસિધ્ધી આપી તાકિદ કરીએ છીએ કે,

નીચે પરિશિષ્ટમાં વર્ણવેલી મિલ્કત અમારી વડીલોપાર્જીત મિલ્કત હોય જે મિલ્કત અમારા સંયુક્ત નામે દાખલ થયેલ હોય પરંતુ કોઇ ટેકનીકલી ભુલના કારણે હાલના મિલ્કતનાં ૭ X ૧૨, ૮-અ, સંયુક્ત નામના બદલે માત્ર શ્રી **પ્રભાબેન વિઠલભાઇ ગેવરીયા** નું એક જ નામ લખાઇ આવતુ હોય જે કારણે અમોએ સુધારણા કરવા માટે મામલતદારશ્રી વડીયાને અરજ દાખલ કરેલ હોય જે બાબતે હાલ કાયદેસરની કાર્યવાહી શરૂ હોય માટે નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ મિલ્કત બાબતે કોઇપણ પ્રકારનો દસ્તાવેજ વ્યવહાર મિલ્કતનું ટાઇટલ જોયા વગર કરવો નહી અને જો કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી વહેવાર કરનારને ભોગવવાની રહેશે જે બાબતે અમારી કોઇ જવાબદારી રહેશે નહી. તેમજ અમારા હક્ક હિતને નુકશાન થશે તો તેની કાનુની કાર્યવાહીના ખર્ચ પણ વહેવાર કરનારને માથે રહેશે.

**મિલ્કતનું વર્ણન પરિશિષ્ટ**

| ગામનું નામ | ખેડ ખાતા નંબર | રેવન્યુ સરવે નંબર | ક્ષેત્રફળ | આકાર રૂા. |
|---|---|---|---|---|
| મોટી કુંકાવાવ તા.કુંકાવાવ/વડીયા જી.અમરેલી | ૪૮૪ | ૫૫૩ પૈકી-૧ | ૧-૩૭-૫૯ (હે.આરે.ચો.મી.) | ૭.૨૨ |

(અનિલ કે.સાવલીયા એડવોકેટ બગસરા, તે અસીલની સુચનાથી તેમના એડવોકેટ દરજ્જે)

ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ
આપ સર્વે મિત્રોના સહકારથી અને વડીલોના આશિર્વાદથી અમોએ આજથી ત્રણ વર્ષ પહેલા અમારી આ હોસ્પિટલ શરૂ કરેલ. તેમજ આ છેલ્લા ત્રણ વર્ષમાં ૭૦૦૦ કરતા પણ વધુ દર્દીઓની સફળતાપુર્વક સારવાર કરેલ છે. ત્યારે આજે ત્રણ વર્ષ પુર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છીએ ત્યારે અમોને અમારા પર વિશ્વાસ રાખી સાથ સહકાર આપનાર અમારા શુભેચ્છકો, ડોક્ટર્સ મિત્રો, અમારા દર્દીઓ તેમજ નામી અનામી તમામનો અમો આભાર માનીએ છીએ.
ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
Divy
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૭,૯૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૫-૧૦-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
ડો.જય માકડીયા (યુરોલોજીસ્ટ)
-: નોંધ :-
હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રી કરી આપવામાં આવશે
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે
કીડની
પ્રોસ્ટેટ
પથરી
Prostate Cancer
તારીખ : ૧૭-૧૦-૨૦૨૪, ગુરૂવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦
નામ નોંધવું ફરજીયાત છે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150
200 - 300
લિટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લિટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૭૬ ૦૭૬૭૬

Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
EXPORT EXECUTIVE
(GRADUATE) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 98750 88560
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

### આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણી અનુલક્ષીને કેન્દ્રીય મવડીઓએ કરેલો નિર્ણય

# મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં નિરીક્ષક તરીકે શ્રી માંજરીયા

**ભાજપ સમર્થન મંચનાં રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ શ્રી એમ.ડી. માંજરીયાને મહારાષ્ટ્રનાં પાલઘર વિધાનસભા બેઠકની જવાબદારી સોંપાઇ : સંકલનમાં રહી સેવા આપશે**

**ભાજપના શ્રી એમ.ડી. માંજરીયાને નિરીક્ષક તરીકે મુકાતા ભાજપના સંગઠનમાં નવો જોમ અને જુસ્સો આવ્યા : પ્રચાર ટીમોએ ચૂંટણી કામગીરી શરૂ કરી દીધી**





અમરેલી, આગામી મહારાષ્ટ્રમાં વિધાનસભા ચુંટણી ૨૦૨૪ આવી રહી છે. તે માટે ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચુંટણી અનુલક્ષીને ભાજપ તરફથી મહારાષ્ટ્રનાં વિધાનસભા ૨૮૮ પાલઘર (વસઇ, નાલાસોપારા) વિધાનસભા મત ક્ષેત્રમાં નિરીક્ષક તરીકે રાષ્ટ્રિય ભાજપ સમર્થન મંચનાં રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ શ્રી એમ.ડી.માંજરીયાની નિમણુંક કરવામાં આવી છે. શ્રી માંજરીયા મહારાષ્ટ્ર મત ક્ષેત્રમાં પ્રદેશ ભાજપ સાથે સંકલનમાં રહી બેઠકમાં ચુંટણી કામગીરીમાં નિરીક્ષક તરીકે આ વરણી કરવામાં આવી છે. તેમ રાષ્ટ્રિય અધ્યક્ષ દિપક શર્માએ જણાવ્યું છે.

### બાઢડા કેળવણી મંડળ સંચાલિત

## બાઢડા વિરાણી હાઇસ્કુલમાં વાર્ષિકોત્સવ યોજાયો

**શ્રી દિલીપ સંઘાણી, કાળુભાઇ વિરાણી, મનસુખભાઇ ભુવા, ધીરૂભાઇ વાળા, જ્યોતિબેન વાચ્છાણી, રસીકભાઇ ભીંગરાડીયા સહિતની ઉપસ્થિતિ**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

શ્રી બાઢડા કેળવણી મંડળ બાઢડા સંચાલિત શ્રી.એચ એન.વિરાણી હાઈસ્કુલ બાઢડા ના પટાંગણમાં તારીખ ૧૩/૧૦/૨૦૨૪ ને રવિવાર ના રોજ અતિભવ્યથી ભવ્ય શાળાના વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું કાર્યક્રમની શરૂઆતમાં પધારેલ સૌ મુખ્ય મહેમાનોનું ઢોલ નગારા અને શરણાઈ સાથે ૧૦૧ દીકરીઓ એ માથે કળશ લઈ ભવ્ય સ્વાગત કર્યું. ત્યારબાદ સર્વ સાવરકુંડલા શહેર અને તાલુકાના ગામોમાંથી પધારેલા મહેમાનો તથા ગ્રામજનો વાલીશ્રીઓ વિદ્યાર્થી ઓ એ ભોજન પ્રસાદ લીધો. કાર્યક્રમની શરૂઆત કાર્યક્રમના અધ્યક્ષ મહોદયશ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ (ઈફકો અને ગુજકોમાસોલ ચેરમેન શ્રી પૂર્વ કેબિનેટ મંત્રી) ના વરદહસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ ભારતના સાચા રતન કહી શકાય તેવા શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી કાર્યક્રમની શરૂઆત સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર શ્રી વિઠ્ઠલભાઈ વાસાણી ના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી. ત્યારબાદ દાતાશ્રીઓના ફોટાની અનાવરણ વિધિ નો કાર્યક્રમ અધ્યક્ષ મહોદય શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ તથા સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી અને સાવરકુંડલા લીલીયા વિસ્તારના લોકલાડીલા પૂર્વ ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણી સાહેબ પૂર્વ ધારાસભ્ય ધારી બગસરા શ્રી મનસુખભાઈ ભુવા સાહેબ પૂર્વ મેયર શ્રી જુનાગઢ શ્રીજ્યોતિબેન વાછાણી શ્રી રસિકભાઈ ભીંગરાડિયા ભા.ડી.કો. બેંક ચેરમેન શ્રી શ્રીધીરૂભાઈ વાળા ચેરમેન જમીન વિકાસ બેંક શ્રી બાબુભાઈ ડિરેક્ટર શ્રી અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક અને જિલ્લા પંચાયત અમરેલી શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી મનજી બાપા તળાવીયા તથા અન્ય મુખ્ય મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી અને સાવરકુંડલા લીલીયા વિસ્તારના લોકલાડીલા પૂર્વ ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણી નું બાઢડા કેળવણી મંડળ સંચાલિત બાર જેટલી વિવિધ સંસ્થાઓના કર્મચારીઓ અને ટ્રસ્ટીઓ દ્વારા ભવ્ય થી ભવ્ય સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૪ અને આંતરરાષ્ટ્રીય વિજેતા ખેલાડીઓનું સન્માન શ્રી દિલીપભાઈ સંઘાણી તથા સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણી દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ વિવિધ કોલેજો ના મુખ્ય દાતા શ્રી ને પણ ભવ્ય રીતે સન્માનિત કરવામાં આવ્યા . ત્યારબાદ કેમ્પસમાં નવી બનનારી નર્સિંગ કોલેજના દાતા શ્રી પરેશભાઈ ધાંધલીયા તથા અન્ય દાતા શ્રીઓ ને પણ મોમેન્ટો અને શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા ત્યારબાદ નિવૃત્ત થયેલા આચાર્યશ્રી રમેશભાઈ માંગરોળીયા તથા અન્ય નિવૃત્ત થયેલા કર્મચારીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અને અલગ અલગ ક્ષેત્રમાં નંબર પ્રાપ્ત કરેલા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું અને અંતમાં શ્રી બાઢડા કેળવણી મંડળ બાઢડા ની તમામ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલો ભવ્યથી ભવ્ય સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ નિહાળીને સૌ ગ્રામજનો તથા પધારેલા મહેમાનો મંત્રમુગ્ધ બની ગયા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી .વી.ડી. કાણકીયા આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.એસ.સી. રવીયાએ કર્યું. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રી પ્રજ્ઞેશભાઈ ભટ્ટ દ્વારા આભાર વિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી બાઢડા કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી હસમુખ ભાઈ વિરાણી તથા શ્રી અશોકભાઈ વિરાણી તેમજ ધ્રુવ વિરાણી યશ વિરાણી સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર શ્રી વિઠ્ઠલભાઈ વાસાણી બાઢડા યુવા ગ્રુપના યુવાનો આગેવાનો અને બાઢડા કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ગરીબ માતાઓના ઘરમાં આવશે દિવાળી : શ્રી કસવાલા

## સાવરકુંડલામાં ૧૯૨ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને ગ્રેચ્યુઇટીના ૧.૯૨ કરોડની ફાળવણી કરાઇ

**ધારાસભ્ય શ્રી મહેશભાઇ કસવાલા, તા.પં. પ્રમુખ શ્રી જીતુભાઇ અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી મનીષાબેન, ટીડીઓશ્રી જે.ડી. વાઘાણીના વરદ હસ્તે લાભાર્થીઓને ચેક અર્પણ કરાયાં**



સાવરકુંડલા, (સૌરભદોશી) આઈ.સી.ડી.એસ વિભાગ સાવરકુંડલા દ્વારા નિવૃત્ત થયેલ અને રાજીનામા આપેલ તમામ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને ગ્રેજ્યૂટી એક્ટ ૧૯૭૨ અંતર્ગત ચેક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને સાવરકુંડલા લીલીયા મત વિસ્તારનાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા તેમજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાથો સાથ આ તકે અમરેલી જિલ્લા પંચાયતનાં આઈ.સી.ડી.એસ વિભાગનાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી મનીષાબેન મુલતાની પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાનાં પ્રમુખ શ્રી મેહુલભાઇ ત્રિવેદી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાવજ, જિલ્લા પંચાયતનાં સદસ્ય શ્રી લાલભાઈ મોર, શરદભાઈ ગોદાની તેમજ માજી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મનુભાઈ ડાવરા તેમજ તાલુકા પંચાયતનાં સદસ્યશ્રીઓની હાજરીમાં સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત બહેનો દ્વારા સમૂહ પ્રાર્થના કરીને કરવામાં આવ્યો હતો, ત્યારબાદ મંચસ્થ તમામ મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ સાવરકુંડલા ઘટક-૧-૨ નાં સી.ડી.પી.ઓ શ્રી દક્ષાબેન ભટ્ટ દ્વારા તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આજના કાર્યક્રમનાં હેતુઓ વિશે વાત કરવામાં આવેલ હતી, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી મનીષાબેન મુલતાની તાલુકા વિકાસ અધિકારીશ્રી જીગ્નેશભાઈનાં વરદ હસ્તે પ્રતીક રૂપ બનાવેલ ચેક અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ હાજર રહેલ તમામ જિલ્લા પંચાયતનાં સદસ્યશ્રીઓ અને તાલુકા પંચાયતનાં સદસ્યશ્રીઓનાં વરદ હસ્તે ગ્રેજ્યૂટી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા, આ તકે આજનાં કાર્યક્રમનાં અધ્યક્ષ અને સાવરકુંડલા લીલીયા મત વિસ્તારનાં લોક લાડીલા અને યુવા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવેલ હતું જેમાં કુલ ૧૯૨ નિવૃત્ત થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આજે ગ્રેજ્યૂટી નો ચેક અર્પણ કરવામાં આવ્યો છે જેની કુલ રકમ એક કરોડ બાણુ લાખ રૂપિયા આપવામા આવેલ છે બાકી રહેતા બહેનોને પણ દિવાળી પહેલા તેમની ગ્રેજ્યુટી ની રકમ મળી જશે તેવી ગેરંટી ધારાસભ્ય શ્રી દ્વારા આપી પોતાનું વક્તવ્ય પૂર્ણ કરેલ. કાર્યક્રમનાં અંતે આઈ.સી.ડી.એસ વિભાગ ના આંકડા મદદનીશ શ્રી ગૌરાંગભાઈ ચાંદુ દ્વારા તમામ મંચસ્થ મહાનુભાવોનો આભાર માંની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો. આ સમગ્ર કાર્યક્રમનું એંકરિંગ આઈ.સી.ડી. એસ.વિભાગ નાં ડીસ્મુ બ્લોક કો ઓર્ડીનેટર શ્રી મુસ્તાકભાઈ મહેતર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા સમગ્ર આઇ. સી. ડી. એસ. વિભાગ નાં મુખ્ય સેવિકા બહેનો તેમજ સ્ટાફ ભાઈઓ બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો તેમ 'અટલધારા' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરાએ અખબારી યાદીમા જણાવ્યુ હતુ.

### શરદ પૂનમ

શરદ-પૂનમ- તેજ ઝળહળે  
સૌ સાથે સ્નેહ-ભાવથી મળે..!  
દુધ- પૌઆમાં સાકર ભળે  
શિત ચાંદની તેમાં મળે ..!  
ચાંદામામા જાણો પ્રેમે મળે  
રાસ ગરબામાં સંગીત ભળે..!  
ખેલૈયાનો થનગનાટ ભળે  
શરદ-પૂનમથી ધન્યતા મળે..!

**કવિ શ્રી શરદકુમાર ધીરજલાલ દવે**  
**(અમરેલી મો.૯૪૨૭૮ ૧૭૦૬૭)**

### છેલ્લા પનાનું

### અકસ્માતે બે મોત

રાજુલા પોલીસ દોડી તપાસ હાથ ઉપરાંત નેશનલ હાઈવે પર ગંભીર અકસ્માત થતા વાહન ચાલકો ઉભા રહેતા ટ્રાફિક જામ થયો હતો અકસ્માતમાં ફોરવિલ ચાલક ફરાર થયા હતા રાજુલા પોલીસ અકસ્માતનો ગુન્હો નોંધવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મૃતક દિપકકુમાર ગુપ્તા ઉંમર ૨૯ યુપી રાજય, કૃષ્ણનંદ બાગ ઉંમર ૨૭ વેસ્ટ બંગાળ રાજ્યના રેહવાસી બંનેના ઘટનાના સ્થળે કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે મૃતકો સ્થાનિક નેશનલ હાઈવેમાં કામ ખાનગી કંપનીમાં કામ કરતા હતા હોસ્પિટલમાં ખસેડતા ખાનગી કંપનીના લોકો પણ દોડી આવ્યા હતા.

### તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ધારી દ્વારા

## કર્મચારીઓનો જુની પેન્શન યોજનામાં સમાવેશ થતાં આભારની લાગણી વ્યક્ત

**ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજી સરકારના નિર્ણયને આવકારી આભાર માન્યો**



ચલાલા, (પ્રકાશ કારીયા) પ્રધારી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વર્ષ ૨૦૦૫ પહેલાના ભરતી થયેલ કર્મચારીઓનું જુની પેન્શન યોજનામાં સમાવેશ થતાં ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આભારની લાગણી વ્યકત કરી હતી. શિક્ષકો દ્વારા પડતર માંગણીઓ માટે આંદોલન કાર્યક્રમો યોજાયેલા તેમાં ધારાસભ્યો, પદાધિકારીઓ દ્વારા હકારાત્મક અભિગમ દાખવેલો તેથી કર્મચારીઓની માંગણી સ્વીકારાતાં ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયા, અશ્વિનભાઈ કુંજડીયા, ભુપતભાઈ વાળા, ખોડભાઈ ભુવા, ઘનશ્યામભાઈ હરિપરા, જીતુભાઈ જોષી, અતુલભાઈ કાનાણી, મૃગેશભાઈ કોટડીયા, હર્ષદભાઈ રાવળનું સન્માન કરી આભાર વ્યકત કરીને ઋણ સ્વીકાર કરવામાં આવેલ. તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યક્રમમાં પ્રમુખ પ્રતાપભાઈ બસીયા, પ્રવિણભાઈ કસવાલાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકો રસિકભાઈ મકવાણા, મમદભાઈ રાઠોડ, મનુસખભાઈ વસતાણી, મોહિતભાઈ લલીયા, બિચ્છુભાઈ વાળા, લલીતભાઈ દેસાઈ, અતુલભાઈ કાથરોટીયા, પરેશભાઈ પરમાર સહિત અનેક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. અને સંઘનો આભાર માન્યો હતો. કાર્યક્રમ સંચાલન ઉમેશભાઈ ચાવડાએ કર્યુ હતું. તેમ પ્રકાશ કારીયાએ જણાવ્યું છે.

## ચલાલા પટેલ સમાજનાં અગ્રણી સ્વ. ભરતભાઇ કાકડીયાને શ્રધ્ધાંજલી અર્પણ કરતા આગેવાનો

**સાંસદશ્રી ભરત સુતરીયા, ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, શ્રી નલિનભાઇ કોટડીયા, મનસુખભાઇ ભુવા, રતિદાદા સહિતે સાંત્વનાં પાઠવી**



ચલાલા, (પ્રકાશ કારીયા) ચલાલા પટેલ સમાજનાં અગ્રણી અને કાકડીયા પરિવારના મોભી તથા માયાળુ સ્વભાવનાં પરોપકારી અને સીમપોલો સિરામીક મોરબીનાં જીજ્ઞેશભાઈ કાકડીયા, ચલાલાનાં કિરીટભાઈ કાકડીયા, યજ્ઞેશભાઈ કાકડીયાનાં પિતાશ્રી ભરતભાઈ કાકડીયાનું તા.૧૨-૧૦-૨૪ નાં રોજ અવસાન થતા ચલાલા પંથકમાં દુઃખની લાગણી પ્રસરી હતી. આજે સદ્ગત ભરતભાઈ કાકડીયાનાં બેસણા નિમિતે ગાયત્રી સંસ્કારધામનાં વડા ડો.રતિદાદા મહેતા, ભીમનાથ મંદિરનાં મહિપતબાપુ ગોસાઇ, સાંસદશ્રી ભરત સુતરીયા, ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, મનસુખભાઇ ભુવા, નલીનભાઇ કોટડીયા, વડોદરા કોર્પોરેશનનાં કોર્પોરેટર નિતીનભાઇ દોંગા, સિમપોલો ગૃપનાં મોરબીથી ભરતભાઇ અમૃતીયા, જયેશભાઇ અધારા, ચતુરભાઇ અધારા, નિલેશભાઇ જાકાથણીયા, મનસુખભાઇ કેલા, બી.કે.સંધ્યા, દિલેશકુમાર તથા પાર્થભાઇ આનંદભાઇ કાકડીયા, ચલાલા પાલિકાનાં પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા, મહેન્દ્રભાઇ સાદરાણી, ડોલરભાઇ સંઘરાજકા, છગનભાઇ અંટાળા, ધનજીભાઇ રીબડીયા, ચીમનભાઇ વિઠલાણી, કમલેશભાઇ વિઠલાણી, ભયલુભાઇ વાળા, હર્ષદભાઇ રાવલ, મુકેશભાઇ ધાનાણી, ડો.હેતલ વડેરા, જીજ્ઞેશ રેવર, ઘનશ્યામભાઇ રબારી, પોપટભાઇ પાનસુરીયા, નરેન્દ્રબાપુ ગોસાઇ, ડી.ભાઇ ડોબરીયા, મનસુખભાઇ કાનાણી, પ્રકાશભાઇ કારીયા સહિત ઉપસ્થિત રહી કાકડીયા પરિવારને દુઃખમાં સહભાગી બની સાંત્વનાં પાઠવી હતી અને ભરતભાઇ કાકડીયાને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં તેમ પ્રકાશ કારીયાએ જણાવ્યું છે.


**વિલાયતી દવાઓ તથા વિલાયતી ઉપાયો આપના સૌથી મોટા દુશ્મન છે**

આ દુશ્મનોથી બચવા વિનુભાઇ છાશવાળા નાં યોગ રિસોર્ટ (મુ.કમી-કેરાળા, તા.ધારી) માં પધારો ચમત્કારીક આંખના ટીપાનો પણ લાભ લો

સંપર્ક :- મો. ૯૪૨૭૪ ૨૯૨૬૧

**મકાન વેચવાનું છે**

2BHK પોણો વસો, 115 વાર
ત્રણ બાજુ રસ્તા ધરાવતુ
મકાન વેચવાનું છે જમીનનાં ભાવે
દલાલ ભાઇઓ આવકાર્ય
લીલીયા રોડ, રઘુનાથ-૫૮, અમરેલી

મો.૮૨૦૦૮ ૦૬૨૭૪

|| જય સોમેશ્વર ||
મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧
મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
ઉધઇ થી બચો
પ્રવિણભાઇ
ઘર, દુકાન, ઓફિસ ઉધઇ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઇબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ ૧૨ વર્ષની ગેરંટી

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ
ઉધઇ થી બચો
ઉધઇની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂ.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

|| બજરંગ સ્ટીલ ||
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt જેવા કે ફેન્ડ્સ સ્ટીલ કામધેનુ K-2 લોખંડ (સળીયા), ટાટા સિમેન્ટ, બાઇન્ડીંગ વાયર કવરીંગ, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વિગેરે વ્યાજબી ભાવથી મળશે
ગ્રાહકો નો સંતોષ એ જ અમારો નફો
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

### પુર્વ મંત્રીશ્રી ગોરધન ઝડફીયાની અમરેલીની મુલાકાત દરમિયાન શ્રી વનરાજભાઇ કોઠીવાળની

# નાના માચીયાળાની મોટી ડેલીનાં મહેમાન બનતા શ્રી ઝડફીયા

### ગુજરાત પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ અને પૂર્વ ગૃહમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયા નાના માચિયાળા મોટી ડેલીના મહેમાન બન્યા : કોઠીવાળ પરિવાર દ્વારા સ્વાગત

### નાના માચીયાળામાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ભીમનાથ મહાદેવને ધ્વજા રોહણ






અમરેલી, રાજયના પુર્વ ગૃહ મંત્રીઅને ગુજરાત પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ અમરેલીની મુલાકાત દરમિયાન નાના માચીયાળા ગામે ભીમનાથ મહાદેવને ધ્વજા રોહણ કરી મોટી ડેલીએ કોઠીવાળ પરિવારના મહેમાન બન્યા હતાં. સાથે વિવિધ આગેવાનો પણ જોડયા હતાં.

રાજ્યના પૂર્વ ગ્રહ મંત્રી અને ભાજપ પ્રદેશ અગ્રણી શ્રી ગોરધન ઝડફિયા અમરેલી જિલ્લાની મુલાકાત વખતે નાનામાં ખાતે સુપ્રસિદ્ધ પૌરાણિક ભીમનાથ મહાદેવ ખાતે ધજા ચડાવવાનો લહાવો લીધો હતો તેમની સાથે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય શ્રી જનક તલાવ્યા શ્રી દિલીપભાઈ સાવલિયા જોડાયા હતા મહેમાનો એ નાના માચીયાળા ખાતે ખાતે મોટી ડેલી માંશ્રી વનરાજભાઈ કોઠીવાળ પરિવારને ત્યાં ભોજન લીધું હતું.

### નરસિંહ મહેતા સાહિત્ય નિધી ટ્રસ્ટ દ્વારા પુજ્ય મોરારિબાપુની નીશ્રામાં

## તલગાજરડા રામવાડીમાં નરસિંહ મહેતા એવોર્ડ સમારંભ યોજાયો

### મુંબઇનાં પ્રસિધ્ધ કવિ કમલ વોરાને નરસિંહ મહેતા એવોર્ડ આપી સન્માનીત કરાયાં : કાવ્ય રચનાઓનું પઠન




રાજુલા, (કનુભાઈ વરૂ)

પૂજ્ય પ્રેરણા અને પ્રોત્સાહનથી સ્થપાયેલા 'નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ' દ્વારા બાપુની નિશ્રામાં આ એવોર્ડ ૧૯૯૯થી એનાયત થાય છે. પ્રારંભે સૌપ્રથમ એવોર્ડ કવિ શ્રી રાજેન્દ્ર શાહને અર્પણ થયો હતો. આજે ૨૦૨૪ના પચ્ચીસમા એવોર્ડ માટે મુંબઈના પ્રસિદ્ધ કવિ શ્રી કમલ વોરા પસંદગી પામ્યા છે. કવિ શ્રી નીતિનભાઈ વડગામાના સંચાલન યોજાયેલા કાર્યક્રમમાં સૌપ્રથમ દીપ પ્રાકટ્ય દ્વારા સમારંભનો શુભારંભ થયો. ત્યાર બાદ ભાવનગરની ૐ શિવ સંસ્થા દ્વારા 'આજની ઘડી તે રળિયામણી'ની ધૂન ઉપર લોકનૃત્યની દર્શનીય પ્રસ્તુતિ થઈ. પછી પ્રસિદ્ધ ગાયક શ્રી સુરેશ જોશીએ સુમધુર સ્વરે નરસિંહ મહેતાની પદ રચનાની પ્રસ્તુતિ કરી. સંસ્થાના ટ્રસ્ટી, કવિ શ્રી દલપત પઢિયારે આ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતાં પોતાની પદ્ય રચનાનું ગાન કર્યું. ત્યારબાદ મંચસ્થ સાહિત્યકારોનું સૂત્રમાલાથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કવિ શ્રી રાજેશ પંડ્યાએ એવોર્ડ કવિ શ્રી કમલ વોરાની કવિતાની રસ સૃષ્ટિનું શ્રોતાઓને રસપાન કરાવ્યું. શ્રી રાજેશ પંડ્યાએ પ્રસ્તુત કરેલો પોતાના વિદ્વતાપૂર્ણ સ્વાધ્યાય શ્રવણીય બની રહ્યો. શ્રી રઘવીરભાઈ ચૌધરીએ પોતાની લાક્ષણિક શૈલીમાં ના કવિ કર્મ ને બિરદાવ્યું. અવોર્ડ થી વિભૂષિત થયેલા કવિ કમલભાઈએ પોતાની કાવ્ય રચનાઓનું પઠન કર્યું. એવોર્ડ સમારોહના સમાપનમાં પૂજ્ય બાપુએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું આજના સંધ્યા આરતીના ટાણે, એવોર્ડ રૂપી અર્ધ્ય સ્વીકારવા બદલ કવિ કમલભાઈને અભિનંદન સાથે ધન્યવાદ આપ્યા. પૂજ્ય બાપુએ કહ્યું કે કવિતામાં શબ્દ, સ્પર્શ, રૂપ, અને ગંધ હોય છે. કવિતામાં શબ્દ તો હોય જ. શબ્દ વિહોણી કવિતા ન હોઈ શકે. તેથી કવિતા જો કવિતા છે, તો ત્યાં બ્રહ્મ છે અને બ્રહ્મ હોય ત્યાં આકાશ હોય. શબ્દ આકાશનું છોરૂં છે. બાપુએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે કવિતા સ્પર્શ પણ બને છે. કમલભાઈની કવિતા બાપુને સ્પર્શી એ જ રીતે કવિતાને ગંધ પણ હોય છે, એની 'નૂરાની ખુશ્બુ' હોય છે. પણ શબ્દની ગંધને પારખી શકે એવા નાક ભગવાને બહુ ઓછા બનાવ્યા છે! બાપુએ કહ્યું કે ગિરનારની છાયામાં રહેતા ક્યારેય એમને ગિરનારની ગંધ અનુભવાય છે. કવિતાના સંદર્ભમાં બાપુએ કહ્યું કે શબ્દ એક આકાર પકડે છે, એનું એક ઘડાય છે! બાપુએ સ્વાનુભાવ વર્ણવતા કહ્યું કે માનસનો પાઠ કરતા ક્યારેક તેમને શબ્દ આકારિત થતો અનુભવાય છે. શબ્દનો એક રસ પણ હોય છે. સાહિત્યના નવે નવ રસ કવિતામાં રાસ લેતા હોય એવો રસ પોતે અનુભવ્યો છે. અંતમાં કવિ શ્રી વિનોદ જોશીના પ્રબંધ કાવ્ય સૈરંધ્રી ના હિંદી અનુવાદના પુસ્તકનું વિમોચન એવોર્ડ સમારંભ પછી સૈરંધ્રી કાવ્યની નૃત્ય નાટીકા પ્રસ્તુત થઈ. આર જે દેવકીએ અભિનય ના અજવાળા પાથર્યા. એ સાથે આજનાં કાર્યક્રમ નું સમાપન થયું.

## ચલાલામા આજે માં મેલડીમાની પુન:પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

### પુજ્ય ઉદયબાપુના સાનિધ્યમાં મેલડી માં સેવા ગ્રુપ દ્વારા અનેરું આયોજન



ચલાલા, (પ્રકાશ કારીયા) આજે શરદ પૂર્ણિમા ના પાવન દિવસે પુજ્ય ઊદયબાપુ ના સાનિધ્ય મા મેલડીમા સેવા ગ્રુપ દ્વારા આજે તા,૧૭,૧૦,૨૦૨૪,ગુરૂવાર ના ધારો-બગસરા રોડ ક્રોસ પર ઊદયબાપુ ના પેટ્રોલ પંપ પાછળ સવાર ના ૯ કલાક થી સાંજના ૫ કલાક સુધી જગદંબા માં મેલડીમા નીપુન:પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે ઉજવાશે. માતાજી ની આરધાના, ગરબા અને ગુણગાન ખુબ ભાવ પુર્વક ગવાશે...તેમજ રાત્રી ૯ કલાક થી માતાજી ની ધુન સાથે ભજન કિર્તન અને સંતવાણી ની રમઝટ કલાવુંન્દ કલાકારો બોલાવશે. આ અનેરા શુભ જંગદબા મેલડીમા ના ની પુન:પ્રતિષ્ઠા મહોત્સવ મા શહેરીજનો ને ઉપસ્થિત રહેવા પુજ્ય ઉદયબાપુ ભગતે જાહેર નિંમત્રણ પાઠવે છે.

## સાવરકુંડલામાં ટાવર સીલ કરાતાં જીયોનું નેટવર્ક નહીં મળતાં આર્થિક નુકશાન થતાં નોટીસ આપી

### ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા રૂા. ૨ લાખ ૩૦ હજાર ૧૦ દિવસમાં ચુકવવા અને વેલીડીટી વધારવા નોટીસ આપી

અમરેલી,

સાવરકુંડલામાં મોબાઈલ ટાવર શીલ કરાતાં ૧૦ દિવસ જીયોનું નેટવર્ક નહીં મળતાં આર્થિક નુકશાન થતાં ગ્રાહક સુરક્ષા મંડળે જીયોને નોટીસ આપી વળતર ચુકવવા અને વેલીડીટી વધારવા માંગ કરી છે. નોટીસમાં જણાવ્યા મુજબ સાવરકુંડલાના કલ્પેશભાઈ કનુભાઈ રાઠોડ તથા અન્ય ૨૫થી વધારે ગ્રાહકો તરફથી જીયો કંપની વિરૂધ્ધ ડિફિસીયન્સી ઈન સર્વિસ મુજબ ગ્રાહક સુરક્ષાને મળેલ ફરિયાદ અંગે નોટીસ ફટકારી છે. અને જણાવ્યું છે કે કુંડલાના દેવળા ગેટ વિસ્તારમાં રહેતાં ગ્રાહક નંબર ૯૯૦૪૪ ૯૫૯૫૬ થી મોબાઈલ કાર્ડ ધરાવે છે જેથી તેઓ જીયોના ગ્રાહક છે. સાવરકુંડલામાં ૧૦-૧૨ દિવસથી જીયો કંપનીએ ટાવરનું ભાડુ ન ભરવાને કારણે પાલિકાએ ટાવર શીલ કરેલો હોય તેથી મોટા ભાગના વિસ્તારોમાં જીયોનું નેટવર્ક મળતું નથી. તેથી ઘણી બધી ફરિયાદો સાવરકુંડલા શહેર તાલુકાના ગ્રાહકો તરફથી મળેલ. દરમિયાન ફરિયાદીએ લેખિત ફરિયાદ આપી ધંધામાં ૨ લાખ ૩૦ હજારનું નુકશાન થયેલ છે. તેથી વ્યાજ ખર્ચ સહિત ચુકવવા ૧૦ દિવસની વેલીડીટી વધારી આપવા માંગ કર્યાનું નોટીસમાં જણાવાયું છે.

## શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની કેદ

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) શ્રી સરદાર શરાફી સહકારી મંડળી લી બગસરા શાખામાંથી રૂ.૮૧,૦૦૦ની લોન લીધેલ જે લોન પેટે મંડળી ની હપ્તા પૈકીની તમામ રકમ રૂ.૧,૦૧,૧૨૮ નો ચેક સમઢીયાળા તાલુકો બગસરા જીલ્લો અમરેલી ના દક્ષાબેન મુકેશભાઈ રીબડીયા એ તા.૧૮/૧૨/૨૦૨૦ના રોજ **dena bank** બગસરા શાખાનો ચેક આપેલ ચેક ફરિયાદી મંડળીએ બગસરા ખાતામાં વટાવવા નાખતા તા.૧૯/૧૨/૨૦૨૦ ના પરત ફરિયાદી મંડળીના વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ હતી તે મળી ગયેલ હોવા છતાં મંડળીની રકમ આપેલ નહીં જેથી મંડળી ના મેનેજર જયદીપભાઈ હિરપરા દ્વારા બગસરા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ જે કેસમાં ફરિયાદી મંડળી ના પેનલ એડવોકેટ ચંદ્રેશ બી મહેતા, અશોક બી વાળા ની દલીલો માન્ય રાખી આરોપી દક્ષાબેન રીબડીયા ને છ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.

### ઇનફાઈટ કે શંકાસ્પદ મોત બે અલગ અલગ મંતવ્ય સાથે તપાસની માંગ

## ધારીની સરસીયા રેન્જમા ૧૩ વર્ષના સિંહનુ મોત

### ૩-૪ વર્ષનાં બે પાઠડાએ હુમલો કર્યા બાદ નહેરમાં જઈ બેઠા બાદ મોત થયાનું તંત્રનુ તારણ

ધારી,ધારી નજીક નોરતા દરમ્યાન માતાજીના વાહન એવા સિંહનુ ઈનફાઈટમા બે દિવસ અગાઉ મોત થયાનુ બહાર આવ્યુ છે. જો કે વનતંત્ર જેને ઈનફાઈટ કહે છે તે મોત શંકાસ્પદ હોવાનુ વનપ્રેમીઓ કહી રહ્યા છે અને તપાસની માંગ કરી રહ્યા છે. ધારીની સરસીયા રેન્જ હેઠળના રાભડવાવ વિસ્તારમા ધારી નજીક કુબડા ૬૬ કે.વી. પાસે બે દિવસ અગાઉ એક અફલાતુન ડાલામથથા સિંહનુ મોત થયુ હતુ. આ ૧૩ વર્ષનો સિંહ અહિ પોતાની ટેરેટરી બનાવતો હોય અહિ જ વસવાટ કરતા બે પાઠડા સિંહો એ તેના પર હુમલો કરી પીઠ અને મોઢાના ભાગે ઈજા પહોચાડી ત્યારબાદ આ સિંહ ઘટનાસથળ થી દુર નેરામા જઈ બેસી ગયો હતો અને માથે વરસાદ પડતા બોડી ડિકમપોસ થવા લાગી હતી જે બાદ વનતંત્રને જાણ થતા તપાસ હાથ ધરી તેનુ પી.એમ કરતા મોત ઈનફાઈટમા થયાનુ જણાવ્યુ હતુ. ઘણી વખત એવું પણ થાય છે કે સરસિયા રેન્જમા વનકર્મીઓ દ્વારા સિંહ ને માસ ખવડાવતા હોય તેનાં લિધે સિંહ બિમાર પડીને મૃત્યુ પામતાં હોય છે પાછાં વનકર્મીઓ સિંહ ને ઈનફાઈટમાં દર્શાવી દેતાં હોય પણ છે..તેમજ વનપ્રેમીઓ આ સમગ્ર વાત કર્યા બાદ સિંહનુ મોત થયાનુ બહાર આવયુ હતુ અને જાહેર થયુ હતુ. (અગાઉ સિંહના મોતની માહિતી અમુક કિસ્સામા જાહેર કરાતી હતી) આ સિંહનુ ઈકો સેનસીટીવ ઝોનના વિરોધમા ધારી ખાતે સભા યોજાય તે જ દિવસે થયુ હતુ. તેમજ વનપ્રેમીઓ આ સિંહનુ મોત શંકાસ્પદ લાગતુ હોય તમામ પાસાની ફેર તપાસ કરવા માંગ કરવામા આવી છે. કેમકે અનેકવાર સિંહના મોત ઈનફાઈટ જ ખપાવી દેવામા આવે છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨નો પરિક્ષાનો કાર્યક્રમ જાહેર

### તા. ૨૭-૨-૨૫થી ૧૩-૩-૨૫ સુધી પરિક્ષાઓ લેવાશે

અમરેલી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ સંસ્કૃત પ્રથમા અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ ઉચ્ચતર ઉતર બુનીયાદી પ્રવાહ, વ્યવસાઈ લક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૫માં લેવાનાર મુખ્ય પરીક્ષા તા. ૨૭-૨-૨૫થી ૧૩-૩-૨૫ દરમિયાન યોજાનાર છે. પરિક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઈડમાં મુકાયો છે. પરીક્ષા નિયામક ગાંધીનગર દ્વારા જણાવાયું છે.


ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ




**બોનાન્ઝા બેન્કવેટ**

**કલાપી બેન્કવેટ**

**ગુલમહોર ફંકશન હોલ**

લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા

મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩


## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.બીજલભાઇ માયાભાઇ વાઘ (મુખી)**

**સ્વ.તા.૧૩-૧૦-૨૦૨૪ (ઉ.વ.૮૦) ગામ : કથીવદર**

તમે અમારી પાસે નથી, તે સનાતન સત્ય હોવા છતા ઘણી વાતો જીવનમાંથી વિસરાતી નથી.ઈશ્વરના ક્રમ મુજબ જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે. આપની વિદાયને સમયના પ્રવાહ વચ્ચે સ્મૃતિઓ હરપળ અમારા હૃદયમાં રહેશે આપના આશિષ સદા વરસતા રહે.. પ્રભુ આપના આત્માને શાંતિ આપે...

લી.

રાવભાઇ સોની (રાજુલા) - ધનરાજભાઇ હરીયાણી (રાજુલા)

લાલાદાદા રઘાણી (ભેરાઇ) - લાલાભાઇ સામતભાઇ લાખણોત્રા - ભાણેજ (દાતરડી)

સુખાભાઇ લુંભાભાઇ લાખણોત્રા (દાતરડી)


રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ
- ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવાર

# અમેરિકાની કિન્નાખોરી વરસોથી ભારતને વારંવાર અકળાવે છે ને એનો ઉપાય શું..?

યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ ( યુસિર્ફ ) ની એ ભલામણ ભારતને વિશેષ ચિંતાના દેશ તરીકે સાબિત કરવા અને તેના પર પ્રતિબંધો લાદવાના ઈરાદાઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. જો કે યુસિર્ફ પહેલા પણ આવી વાતો કહી ચૂક્યું છે, તેની તાજેતરની ભલામણ તેના પોતાના ધોરણોથી પણ ચોંકાવનારી છે.

અમેરિકાએ જગત પર રાજ કરવા માટેના અનેક સત્તામંડળો ઊભા કરી રાખેલા છે એમાંનું આ એક છે. જે પોતાને ઘેર બેઠા એઠા બીજા દેશોનો મનઘડંત ન્યાય તોળે છે. જગતકાજીની આ બદતમિઝી બધા સહન કરતા આવ્યા છે ને એની જાળમાંથી રશિયા અને ચીન જેવા કેટલાક માથાભારે અને ઉત્તર કોરિયા અને કતાર જેવા તુમાખી ધરાવતા દેશો જ છટકી શક્યા છે.

આ વખતે યુસિર્ફની ભલામણ એવા આક્ષેપો પર આધારિત છે જેની સચ્ચાઈની ક્યાંય પુષ્ટિ મળી નથી. નિજ્જર હત્યા કેસ અને પન્નુની હત્યાના કથિત કાવતરાને લગતા આરોપો ભારત વિરોધી તત્ત્વો દ્વારા આંતરરાષ્ટ્રીય મીડિયામાં વારંવાર ઉઠાવવામાં આવી રહ્યા છે, પરંતુ આ માત્ર જૂની વાતોનું પુનરાવર્તન છે. આ બાબતોના આધારે, યુસિર્ફ ફરી એકવાર તેની જૂની રેકર્ડ વગાડીને એ સ્વરો આગળ ધપાવવા ચાહે છે.

યુએસ કમિશનની આ ઉતાવળ પણ અગમ્ય છે કારણ કે કેનેડા, અમેરિકા અને ભારત એમ ત્રણ દેશોમાં આ કેસોની તપાસ અલગ-અલગ સ્તરે ચાલી રહી છે, પરંતુ ક્યાંય તે તેના તાર્કિક નિષ્કર્ષ પર પહોંચી નથી. આ અમેરિકન કમિશનનું આ વલણ કોઈ નવી વાત નથી, તેણે તેના છેલ્લા ત્રણ વાર્ષિક અહેવાલોમાં ભારત સામે આવી જ ભલામણો કરી છે.

ભારત સરકાર આ અહેવાલોને ફગાવી રહી છે એટલું જ નહીં, અમેરિકન સરકારે પણ તેના પર ધ્યાન આપવું જરૂરી નથી માન્યું. પરંતુ આ વખતે બતાવવામાં આવેલી ઉતાવળ એ આરોપોને વધુ મજબૂત બનાવે છે કે તેના અહેવાલોમાં ભારત વિરોધી પક્ષપાત મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતીય મૂળના પાંચ અમેરિકન સાંસદોના નિવેદનોને પણ આ સંદર્ભમાં જોવું પડશે.

જો કે ડેમોક્રેટિક પાર્ટી સાથે જોડાયેલા આ સાંસદોનું નિવેદન બાઈડન પ્રશાસનના ખાનગી બ્રિફિંગ પર આધારિત છે, તેમ છતાં તેમના માટે એ કહેવું જરૂરી છે કે આ મામલો ભારત-અમેરિકાના સંબંધો માટે ખતરો બની શકે છે.

જે રીતે ભારત વિરોધી તત્ત્વો આ પ્રકરણને ઉઠાવી રહ્યા છે તે જોતા કહી શકાય કે આ મામલામાં સત્ય ભલે ગમે તે હોય પણ તેની પાછળનો ઈરાદો બંને દેશોના સંબંધોને ઠેબે ચડાવવાનો છે. આવી સ્થિતિમાં મામલાને એ રીતે હેન્ડલ કરવામાં આવે કે સાપ મરે પણ લાકડી ન તૂટે તે વધુ જરૂરી બની જાય છે.

મતલબ કે આ મામલાનો ઉકેલ લાવવો જોઈએ અને જે લોકો સંબંધ બગાડવાની યોજના બનાવી રહ્યા છે તેમને સાચો મેસેજ મોકલવો જોઈએ. દેખીતી રીતે જ બંને દેશોએ વધુ સાવધાની અને સંવેદનશીલતા દાખવવાની જરૂર છે.

અમેરિકાની સરકારી એજન્સી યુએસ કમિશન ફોર ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમે ખરેખર તો ખાલિસ્તાની વિવાદને આધાર બનાવીને ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા અંગે ફરી એકવાર ઝેર ફેલાવવાની તક ઝડપી છે. યુસિર્ફ દ્વારા વિદેશમાં ધાર્મિક લઘુમતીઓને કથિત લક્ષ્યાંકને ટાંકીને, યુએસ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ હેઠળ ભારતને વિશેષ ચિંતાનો દેશ તરીકે નિયુક્ત કરવા બાઈડન વહીવટીતંત્રને હાકલ કરી છે.

આખા વિશ્વમાં અમેરિકા આતંકવાદના નામે નિર્દોષ મુસ્લિમોનું લોહી વહાવે છે ત્યારે આ સરકારી એજન્સીનો અવાજ બહાર આવતો નથી. આતંકવાદના નામે અમેરિકાએ આટલા નિર્દોષ અફઘાનોની હત્યા કરી છે તે વાત કોઈનાથી છુપી નથી.

એ જ રીતે સામૂહિક વિનાશના શસ્ત્રો હોવાનો ખોટો આરોપ મૂકીને ઈરાક પર આક્રમણ કર્યું અને સદ્દામ હુસૈનને પકડીને ફાંસી આપી. જે સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું હતું એવા લિબિયાનો નાશ કર્યો. યુસિર્ફ દ્વારા તેના પત્રમાં એવો બકવાસ કરવામાં આવ્યો છે કે વિદેશમાં કાર્યકર્તાઓ, પત્રકારો અને વકીલોને ચૂપ કરવાના ભારત સરકારના તાજેતરના પ્રયાસોથી ધાર્મિક સ્વતંત્રતા માટે ગંભીર ખતરો ઊભો થયો છે. એણે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને વિનંતી કરે છે કે ભારતના વ્યવસ્થિત, ચાલુ રહેલ અને ધર્મ અથવા આસ્થાની સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘનને કારણે ભારતને ખાસ ચિંતાનો દેશ જાહેર કરવામાં આવે.

## રાજુલાના માંડણની સીમમાં સામસામી મારામારી

### લાકડી અને પાઇપ વડે મારમારી ફ્રેકચર કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના માંડણ ગામની સીમમાં મુકેશભાઈ વશરામભાઈ હડીયા ઉ.વ.૩૯ વાડીએ કપાસમાં દવાનો છંટકાવ કરતાં હોય. તે દરમિયાન વાડીના શેઢે તેના જ ગામના કાના નાથા વાંકીયા શેઢે ઘેટા બકરા ચરાવતો હોય અને પીવાનું પાણી માંગતા પાણી ન હોવાથી ઉશ્કેરાઇ મુકેશભાઈને ગાળો બોલી હાથે, પગે અને ખભાના ભાગે તેમજ શરીરે લાકડી વડે મુંઢ મારમારી ડાબા પગની ઘુટીમાં ફ્રેકચર કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે કાનાભાઈ નાથાભાઈ વાંકીયાને મુકેશ વશરામભાઈ, નરસિંહ પાતાભાઈ હડીયાએ લોખંડની પાઈપ માથામાં મારી નીચે પડી જતાં હાથે પગે અને વાસામાં મારમારી ફ્રેકચર કરી ગુનો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## મોટા ચારોડીયામાં પરિણીતાને ત્રાસ અપાયો

### કરિયાવર અંગે ત્રાસ આપી મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

ગારિયાધાર તાલુકાના મોટા ચારોડીયા પરણાવેલ હાલ ધારી રહેતી સોનલબેન નિતિનભાઈ મકવાણા ઉ.વ.૩૦ને નિતિન મુકેશભાઈ, શારદાબેન મુકેશભાઈ, બિપીન મુકેશભાઈ મકવાણાએ નાની નાની બાબતોમાં મેણા ટોણા મારી કરિયાવર અંગે ત્રાસ આપી જાપટ મારી મુંઢ ઈજા કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સૌરાષ્ટ્ર નાગરીક શરાફી મંડળી બગસરાને અપયેલો ચેક રિટર્ન થતા છ માસની સજા

### લોન પેટે આપેલો ચેક રિટર્ન થતા બગસરા કોર્ટે આપેલો ચુકાદો



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) સૌરાષ્ટ્ર નાગરીક શરાફી મંડળી બગસરામાંથી જાત જામીનગીરીથી રૂા. ૨ લાખની લોન લીધેલ તે લોન પેટે મંડળીની હપતા પૈકીની તમામ રકમ ૨,૩૨,૪૧૫નો ચેક ચંદ્રેશભાઈ હિંમતભાઈ લંગારીયા રે.બગસરાવાળાએ આપેલો. તે ચેક આરોપીનાં ખાતામાં વટાવા નાખતા ચેક પરત થતા ફરિયાદીનાં મંડળીનાં વકીલ મારફત નોટીસ આપવામાં આવેલ છતા મંડળીની રકમ આપેલ નહીં તેથી બગસરા કોર્ટમાં ફરિયાદીની મંડળીનાં ચિરાગભાઈ કાળુભાઈ કાનપરીયા દ્વારા કેસ દાખલ કરેલ તે કેસ બગસરા કોર્ટમાં ચાલી જતા છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદીનાં એડવોકેટ અશોકભાઈ પંડ્યાની દલીલો ગ્રાહ્ય રાખી ચંદ્રેશભાઈ મિંતભાઈ લંગારીયાને સજા કરી હતી.

## અમરેલી કોર્ટમાં સજા પામેલ નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ખાંભા પોલીસ ટીમ

### બાતમીનાં આધારે આરોપીને ઝડપી લઇ કાર્યવાહી કરી



અમરેલી,સાવર કુંડલા ડિવીજનનાં I/C મદદનિશ પોલીસ અધિ.એ.જી.ગોહિલ નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશન પો.સબ.ઈન્સ. આર.જી.ચૌહાણનાં સિધ્ધા માર્ગદર્શન હેઠળ આજરોજ ખાંભા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે હે.ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.સા.અમરેલી કોર્ટનાં સી.સી.નંબર-૧૯૫૯/૨૦૨૩ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનાં કામે કસુરવાર ઠરેલ સજા પામેલ નાસતા ફરતા આરોપીને ચોક્કસ બાતમીનાં આધારે લાલજી ઓઘડભાઈ ઉ.વ.૩૨, ધંધો. ડ્રાઈવીંગ, રે.વાકીયા, તા.ખાંભા, જી.અમરેલીને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

## વડીયાના ભુખલી સાંથળી ગામે યુવાન ઉપર હુમલો

### પૈસા પ્રશ્ને મનદુઃખ રાખી મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

વડીયાના ભુખલી સાથળી ગામે રોહિતભાઈ રવજીભાઈ જાદવના મોટાભાઈ સુરેશભાઈ રવજીભાઈ જાદવ તેના જ ગામના ભરત જસાભાઈ જાદવ પાસેથી ઉચ્છીના પૈસા માંગતો હોય જે મનદુઃખ રાખી ભરત જસાભાઈ, સનુ જસાભાઈ જાદવે ગાળો બોલી ઢીકાપાટુ વડે મારમારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જિલ્લામાં ચાર નસેડીઓ ઝડપાયા

### ચાર શખ્સોને પોલીસે ઝડપી લઇ કાર્યવાહી કરી

અમરેલી,

અમરેલી જિલ્લામાં જુદા જુદા ચાર સ્થળોએ નશો કરી રાજાપાઠમાં નિકળતાં શખ્સોને પોલીસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં દામનગર, જાફરાબાદ મરીન, અમરેલી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## શીયાળબેટમાં બે કુટુંબીઓ વચ્ચે મારામારી

### પ્લાસ્ટિકના પાઈપ લાકડી વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) જાફરાબાદ તાલુકાના શીયાળબેટ ગામે શાતુબેન જીવનભાઈ શીયાળ ઉ.વ. ૪૫ ના દિકરા મહેશ ઉપર સુરેશ જસુભાઈ ગુજરીયાએ તેના પત્નિ સાથે આડા સબંધની શંકા હોય. જે મનદુઃખ રાખી સુરેશે શાતુબેનની દિકરી આશાને પ્લાસ્ટિકના પાઈપ વડે મારમારી ગાળો બોલી કાના મોહનભાઈ તથા રાજીબેન ઝંડુરભાઈ શીયાળે આશાબેનને હાથ પકડી ઢસડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જયારે સામાપક્ષે સુરેશભાઈ જસુભાઈ ગુજરીયા ઉ.વ. ૩૦ ના પત્નિ સાથે મહેશ જીવણભાઈ શીયાળ સાથે વાતચીત કરતી હોય. જે સુરેશભાઈને ગમતું ન હોય. તેથી આરોપીના ઘરે સમજાવવા જતા શાતુબેન જીવણભાઈ ,આશાબેન જીવણભાઈ શીયાળને સારૂ નહી લાગતા ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી આશાબહેને પકડી રાખી શરીરે મુંઢમાર મારી ગાળો બોલી બાબુ બાળધીયા , મહેશ જીવણભાઈ શીયાળે સુરેશભાઈને ગાળો બોલી ધકકા મારી મહેશે લાકડી વડે પગના ભાગે મારમારી બાબુ બાળધીયાએ મરચાની ભુકી હાથમાં લઈ સુરેશભાઈ ઉપર છાંટી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલાનાં ચોરીનાં ગુનામાં આરોપી ઝડપાયો

### પોલીસે આરોપીને ઝડપી લઇ ગુનો ડીટેક્ટ કર્યો

અમરેલી,રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરાની સુચના અને માર્ગદર્શથી રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૪૦૪૩૬/૨૦૨૪ ભ.ન્યા.સં.-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે રાજુલા ડુંગર રોડ ઉપર આવેલ ઢોલેશ્વર મહાદેવના મંદીરેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે નાસ્તા ફરતા આરોપી અંગેની રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી તથા ટેક્નીકલ સોર્ચ આધારે રાજુલા જુના રેલ્વે સ્ટેશન પાસેથી સદરહુ ગુન્હામાં ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે લાલજીભાઈ ઉર્ફે 'લાલો' કાળુભાઈ વાજા ઉ.વ.૩૨ ધંધો મજુરી રહે.ભેરાઈ, દેવપરા,બલાડ માતાજીના મંદીર પાસેને પકડી પાડી અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરી મુદ્દામાલ પેટે વાસણ સહિત ૧૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

#### નવા ખીજડીયાથી ગાવડકા પીજીવીસીએલના કામે જતાં હતાં ત્યારે

## અમરેલીના નવા ખીજડીયાનાં પાટીયા પાસે ટ્રકની હડફેટે છકડો ચાલકનું મોત

### અમરેલીનાં પ્રતાપપરાનાં યુવાનનાં મૃત્યુંથી ઘેરા શોકની લાગણી



અમરેલી,અમરેલી તાલુકાના નવાખીજડીયા ગામના પાટી પાસે આજે બપોરના ૧૨-૩૦ કલાકે અમરેલી પ્રતાપપરામાં રહેતાં મહેન્દ્રસિંહ બહાદુરસિંહ રાવત ઉ.વ.૨૨ પોતાની છકડો રિક્ષા જી જે ૪ યુ ૫૭૭૧ની લઈને નવા ખીજડીયાથી ગાવડકા પીજીવીસીએલના કામે જતાં હતાં ત્યારે સામેથી આવતા ટ્રક નં જી જે ૩ વાય ૮૭૬૨ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી પોતાનો ટ્રક ચલાવી રિક્ષા સાથે ભટકાવી મહેન્દ્રસિંહને માથામાં છાતીમાં અને ડાબા હાથે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની સુરેશસિંહ હરજીસિંહ રાવતે અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં આ બનાવની તપાસ પીએસઆઈ એ.કે. પાંડવ ચલાવી રહ્યા છે.

## સૌરાષ્ટ્ર નાગરીક શરાફી મંડળીની કુંકાવાવ શાખામાંથી લોન લઇને આપેલો ચેક રિટર્ન થતા ૨૪ માસની સજા

### ચેક રિટર્ન અંગે વડીયા કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો

બગસરા, સૌરાષ્ટ્ર નાગરીક શરાફી મંડળી બગસરાની કુંકાવાવ શાખામાંથી રૂા.૭૫ હજારની લોન લઈ લોન પેટે ૪૪,૯૪૬નો ચેક કીશનભાઈ રમેશભાઈ લાલેચા અમરેલી વાળાએ આપેલો. કેનેરા બેંક અમરેલી શાખાનો ચેક મંડળીએ આરોપીનાં ખાતામાં વટાવા નાખતા ચેક રિટર્ન થતા મંડળીનાં વકીલ મારફત નોટીસ આપેલી છતા રકમ ન ભરતા વડીયા કોર્ટમાં કેસ દાખલ કરેલ. તે કેસમાં એડવોકેટ અશોકભાઈ પંડયાની દલીલો માન્ય રાખી આરોપી કિશનભાઈ રમેશભાઈ લાલેચાને ૨૪ માસની સાદી કેસની સજાનો હુકમ કરેલ છે.

## બાબરાનાં ઇસાપુરમાં ઘરફોડ ચોરીનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી લીધો

### પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી લઇ બાબરા પોલીસને સોંપવા તજવીજ



અમરેલી,

આશરે બે વર્ષ પહેલા આ કામના આરોપી સહ આરોપીઓ મળીને ઈસાપુર ગામે રાત્રીના બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂ.૧૩,૭૫,૦૦૦/-ની ચોરી કરેલ જે અંગે બાબરા પો.સ્ટે.માં ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૮૨૨૦૯૫૧/૨૦૨૨ IPC ૩૮૦,૪૫૭,૧૧૪ વિ. મુજબનો ગુન્હો દાખલ થયેલ અને જે તે વખતે બે આરોપીઓ પકડાયેલ અને મજકુર આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા બે વર્ષથી નાસતો ફરતો હતો શ્રી હિમકરસિંહ પોલીસ અધિક્ષક, જિ.અમરેલીનાઓ દ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ જેથી આર.એલ. રાઠોડ સા.પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સ્કવોર્ડ જિ.અમરેલીનાઓની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોર્ડની હ્યુમન તથા ટેક્નીકલ સોર્સ આધારે બાબરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૨૦૯૫૧/૨૦૨૨ IPC ૩૮૦,૪૫૭,૧૧૪ વિ. મુજબના કામે છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી મુકામસિંહ ઉર્ફે મુકેશ ગણાવા ઉ.વ.૪૨ રહે.ટોકરીયા, જીરન તડવી ફળીયુ તા.જોબટ જી.અલીરાજપુર રાજ્ય-મધ્યપ્રદેશને તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ગંધારા ગામેથી મળી આવતા આરોપીની તપાસ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી બાબરા પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ.

#### શ્રી રામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## શ્રી સરદાર પટેલ મા. શાળા જીરા દ્વારા નવરાત્રીની ઉજવણી

### રાસગરબાની રમઝટ સાથે નવરાત્રી પર્વની ઉજવણી કરી



અમરેલી,શ્રી રામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ માધ્યમિક શાળા જીરા દ્વારા નવરાત્રી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. માધ્યમિક શાળાનાં આચાર્ય શ્રી પ્રતિકભાઈ ત્રિવેદીનાં માર્ગદર્શન નીચે યોજાયેલા કાર્યક્રમમાં પ્રમુખશ્રી પ્રતાપભાઈ વિરજીભાઈ ચોડવડીયા, સુરત અરિહંત જ્વેલર્સ તરફથી શાળાનાં બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શાળાનાં પુર્વ આચાર્ય શ્રી સુરેશભાઈ ત્રિવેદી, શ્રી કિશોરભાઈ દવે સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ સફળ બનાવવા શાળાનાં કર્મચારીઓ કૃપાબેન વ્યાસ, રૂપલબેન રાવળ, રાજનભાઈ ઉનડ, નિતીનભાઈ કાલાવડીયા, નિરલબેન સાવલીયાએ જહેમત ઉઠાવી હતી.

## ચલાલા કન્યા શાળાના નવા બિલ્ડીંગ નું ખાતમુહર્ત કરાયું

### પુર્વ વિદ્યાર્થીની સુધાબેન કાકડીયાનાં હસ્તે ખાતમુહુર્ત કરાયું



અમરેલી,ચલાલા ખાતે આવેલ પ્રાથમિક કન્યા હાલમાં ૩૦૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહેલ છે ને આ શાળા ૧૫ ઓગસ્ટ ઈ.સ ૧૮૯૩ માં બનેલ જેના આજે ૧૩૧ વર્ષ બાદ જર્જરિત થતા ધારાસભ્યશ્રી જે.વી કાકડીયા ના ધ્યાને આવતા આજરોજ જૂની શાળા પાડી નવી બિલ્ડીંગ નું ખાતમુહર્ત ધારાસભ્યશ્રી અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની સુધાબેન કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું.જેમાં ખાસ ભૂતપૂર્વ વિદ્યાર્થીની સુધાબેન કાકડીયા, ઉદયભાપુ ભગત, ડો.રતિદાદા મેહતા, મયુરબાપુ ગોસાઈ, જયંતિભાઈ પાનસુરીયા,તથા ગામના રાજકીય તથા સામાજિક આગેવાનો ની ઉપસ્થિતીમાં ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. તેમ આચાર્યશ્રી ભગીરથભાઈ ગોહિલની યાદીમાં જણાવેલ છે.






રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૭.૧૦.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ આસો સુદ પૂનમ, રેવતી નક્ષત્ર , ધ્રુવ યોગ,વિષ્ટિ કૌલવ કરણ , આજે સાંજે ૪.૨૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે .

### અનેક દેશ તેની વિદેશનીતિમાં પણ બદલાવ લાવી રહ્યા છે

અગાઉ લખ્યા મુજબ ઘરઆંગણે અને વિશ્વમાં મોટા રાજકીય પરિવર્તન જોવા મળી રહ્યા છે અને અનેક દેશ તેની વિદેશનીતિમાં પણ બદલાવ લાવી રહ્યા છે તો ધર્મના નામે પણ ઘણા વિવાદ જોવા મળી રહ્યા છે અને કેનેડા સાથે ભારતનું ઘર્ષણ વધતું જાય છે જેના અન્ય દેશ પણ ટાપશી પુરાવી રહ્યા છે જે ના ચલાવી શકાય તેવી ઘટના છે. ગોચર ગ્રહોની વાત કરીએ તો ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ચિત્રા નક્ષત્રમાં ભ્રમણ કરી રહ્યા છે અને આવતીકાલે ૧૭ ઓક્ટોબરના સૂર્ય તુલા રાશિમાં નીચસ્થ થવા જઈ રહ્યા છે જે સત્તા પર બિરાજમાન કેટલાક દેશના મંત્રીઓની ભાષામાં ખટાશ લાવનાર બને છે તો પાકિસ્તાન સાથે મુલાકાત ભવિષ્ય માટે થોડા સારા સંકેત આપે છે પણ હજુ આ બાબતમાં



વિશેષ સમય લાગશે જયારે ચીન તેની મીંઢી ભાષામાં મૌન રહી ને ઘણું આડુંઅવળું કરવા પ્રયત્ન કરે છે. સૂર્ય પછી ૨૧ ઓક્ટોબરે મંગળ મહારાજ કર્કમાં નીચસ્થ થશે આમ સૂર્ય અને મંગળ નીચના થશે તો શનિ અને ગુરુ વક્રી ચાલી રહ્યા છે જે ગોચર ગ્રહોમાં એક અલગ ભાત બનાવે છે અને એ વચ્ચે સૂર્ય બુધ બુધાદિત્ય યોગ બનશે પણ નીચસ્થ સૂર્ય બુધનું અલગ રીતે પ્રોગ્રામિંગ કરશે જે આર્ટિફિશ્યલ ઈન્ટેલલિજન્સ માટે ના નવા અધ્યાય ખોલવાનું કામ કરશે અને એના નવા આયામો આપણી સામે આવતા જોવા મળશે જેથી એના પરિણામ અને દુસ્પરિણામના લેખા જોખા ફરી એકવાર શરુ થશે અને એઆઈ ક્ષેત્રે વધુ આગળ વધવાના દ્વાર ખુલશે તો એના આધારે વધુ ફ્રોડ થતા પણ જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો,દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૮૪૦ થી ૧૬૦૧ મગફળી ૭૦૦ થી ૧૨૫૧

| | | | |
|---|---|---|---|
| **અમરેલી માર્કેટ યાર્ડ** | મરચાલીલા-૪૦૦-૮૦૦ | બાજરો-- | **બગસરા યાર્ડ** |
| શિંગમઠડી-૭૦૦-૧૧૨૦ | મુળા-- | મગ-૧૩૪૦-૧૫૯૦ | કપાસ-૧૧૦૦-૧૫૯૭ |
| શિંગમોટી-૭૦૦-૧૨૫૧ | લીંબુ-૮૦૦-૧૦૦૦ | | અડદ-૧૧૨૫-૧૪૨૧ |
| શીંગફાડા-૧૦૩૦-૧૪૯૦ | પાલક-૧૦૦૦-૧૨૦૦ | ધારી | મગફળી-૬૪૫-૯૨૦ |
| તલસફેદ-૧૫૭૫-૨૫૩૫ | | કપાસ-૧૦૪૫-૧૫૫૩ | એરંડી-- |
| તલકાળા-૨૮૦૦-૩૬૧૦ | **રાજુલાયાર્ડ** | અડદ-૯૦૦-૧૩૦૫ | જુવાર-૫૦૫-૬૭૦ |
| બાજરો-૪૧૨-૪૬૦ | બાજરો-૪૫૫-૫૭૪ | મગફળી-૬૦૦-૯૦૦ | શીંગદાણા-૧૦૨૫-૧૨૯૦ |
| ઘઉંટુકડા-૪૭૦-૬૫૬ | ચણા-૧૨૦૧-૧૪૩૬ | તલકાળા- | અડદ-૧૧૨૫-૧૪૨૧ |
| ઘઉંલોકવન-૫૪૧-૬૩૨ | ઘઉં-૫૦૦-૬૩૬ | અડદ- | મગ-૧૩૬૯-૧૩૬૯ |
| ચણા-૮૭૭-૧૪૫૬ | જુવાર-૪૧૨-૮૦૦ | ઘઉં-- | ચણા-૯૦૭-૧૪૦૫ |
| કપાસ-૮૪૦-૧૬૦૧ | કપાસ-૧૦૫૦-૧૫૨૫ | ધાણા- | સોયાબીન-૬૦૦-૯૭૫ |
| જુવાર-૪૧૫-૭૩૨ | તલસફેદ-૧૬૦૦-૨૩૪૦ | ચણા- | ઘઉં-૪૫૧-૫૧૨ |
| ધાણા-૧૦૦૦-૧૪૨૦ | અડદ-૧૦૬૦-૧૪૦૧ | શીંગફાડા- | ડુંગળી- |
| ચોળી-- | તલકાળા- | સોયાબીન-૬૫૦-૮૧૧ | |
| સોયાબીન-૬૧૨-૮૮૯ | તુવેર-૧૩૦૦-૧૩૦૦ | મકાઈ- | **અમરેલીફ્રુટમાર્કેટભાવ** |
| અડદ-૯૦૦-૧૫૩૦ | મગ-૧૨૧૨-૧૪૦૦ | | ચીકુ-૮૦૦-૧૧૫૦ |
| મગ-૭૧૫-૧૪૭૫ | | **સાવરકુંડલા માર્કેટયાર્ડ** | દાડમ-૨૦૦૦-૩૧૦૦ |
| તુવેર-- | **મહુવાયાર્ડ** | શીંગમોટી-૭૦૦-૧૧૫૩ | મુસંબી-૪૦૦-૭૦૦ |
| જીરૂ-૨૦૦૦-૪૫૫૦ | ઘઉં-૫૧૨-૬૬૮ | શીંગજીણી-૭૦૦-૧૦૫૧ | સંતરા-૫૦૦-૩૦૦૦ |
| | ડુંગળીલાલ-૧૯૪-૯૩૫ | અડદ-૧૨૨૧-૧૮૫૦ | કીવી-૫૦૦૦-૬૦૦૦ |
| અમરેલી માર્કેટયાર્ડ | ચણા-૧૨૧૦-૧૨૧૦ | તલસફેદ-૨૦૫૦-૨૪૫૫ | ડ્રેગન ફ્રુટ-૧૨૦૦-૨૧૦૦ |
| બટેટા-૩૬૦-૫૯૦ | તલસફેદ-૧૯૪૦-૨૪૧૧ | કપાસ-૧૩૦૦-૧૫૯૦ | અનાનસ-૧૨૦૦-૧૬૦૦ |
| રીંગણા-૨૦૦-૪૦૦ | અડદ-૮૦૦-૧૫૦૦ | ઘઉંલોકવન-૪૯૧-૫૯૫ | જામફળ-૧૦૦૦-૧૪૫૦ |
| ફલાવર-૬૦૦-૮૦૦ | એરંડા-- | ધાણા-- | કેળા-૫૦૦-૬૦૦ |
| કોબીઝ-૩૦૦-૪૦૦ | શીંગ-૧૪૦૦-૧૯૦૦ | ઘઉંટુકડા-૫૦૦-૬૨૫ | પોપૈયા-૬૦૦-૯૦૦ |
| ટમેટાં-૯૦૦-૧૩૦૦ | ડુંગળીસફેદ-૨૦૦-૧૩૬૨ | ચણા-૧૧૦૦-૧૪૧૨ | તડબુચ-૨૦૦-૩૭૦ |
| ફોદીનો-૮૦૦-૧૨૦૦ | નાળીયેર-૫૦૦-૨૬૪૧ | મકાઈ-- | સફરજન હિમાચલ-૮૦૦-૧૫૦૦ |
| ગાજર-૧૦૦૦-૧૨૦૦ | બાજરી-૪૩૨-૫૩૧ | મેથી-- | |
| ગલકા-૪૦૦-૫૦૦ | જુવાર-૪૭૧-૭૨૫ | બાજરો-૪૫૦-૫૩૧ | |
| કાકડી-૩૦૦-૬૦૦ | મગ-૧૦૬૨-૨૩૦૦ | તલકાળા-૩૧૦૦-૩૪૫૦ | |
| ગુવાર-૧૦૦૦-૧૨૦૦ | | | |
| દુધી-૩૦૦-૪૦૦ | **બાબરા યાર્ડ** | ખાંભા | |
| તુરીયા-૬૦૦-૮૦૦ | કપાસ-૧૩૦૦-૧૫૯૦ | કપાસ-૧૧૯૯-૧૫૩૫ | |
| ભીંડો-૩૦૦-૪૦૦ | ઘઉં-૪૬૧-૬૦૯ | મગફળી- | |
| આદુ-૧૦૦૦-૧૨૦૦ | મગફળી-૮૭૫-૧૦૫૫ | એરંડા-- | |
| કોથમીર-૮૦૦-૧૫૦૦ | જીરૂ-- | | |
| મેથીભાજી-૯૦૦-૧૦૦૦ | અડદ-૧૨૩૦-૧૩૮૦ | લીલીયા | |
| ટીંડોરા-૭૦૦-૮૦૦ | તલસફેદ-૨૦૫૫-૨૩૭૫ | કપાસ-૧૧૩૫-૧૫૪૮ | |
| લીમડોમીઠો-૯૦-૧૧૦ | | સોયાબીન- | |

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૪.૫
ન્યુનતમ તાપમાન ૨૫.૫
ભેજનું પ્રમાણ ૮૪
પવનની ગતિ સરેરાશ ૪.૮

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનિટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર

તા.૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર. ઓમનગર મેઈન રોડ. ચિતલ રોડ. અમરેલી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, હેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, હેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

## બાબરામાં રાસગરબા મહોત્સવ યોજાયો

### ભગવતી સામુદ્રી માતાજીનાં સાનિધ્યે આયોજન



બાબરા, (દિપક કનૈયા) બાબરા મુકામે મા ભગવતીસામુદ્રીમાતાના મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.આ આયોજનમાં નાના મોટા સૌ ભક્તજનોએ માતાની આરાધના સાથે મળીને કરી હતી.તમામ બાળકો અને બહેનોએ રાસ રમીને માં ભગવતી ની હોંશે હોંશે આરાધના કરી હતી. આ આયોજનના મુખ્ય આયોજક બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ અને અમરેલી જિલ્લા સમસ્ત વણિક સમાજના અધ્યક્ષશ્રી મુન્નાભાઈ મલકાણ હતા. માં ભગવતીના સાનિધ્યમાં રાસ રમતી બાળાઓને નવે નવ દિવસ અલગઅલગ નાસ્તો આપવામાંઆવતો હતો અને નવેનવ દિવસ બાળાઓને લ્હાણી નું વિતરણ કરવામાં આવેલ હતું. નવરાત્રીના છેલ્લા દિવસે માં ભગવતીના સાનિધ્યમાં આવતી તમામ બાળાઓ તેમજ બહેનો અને નાના બાળકોને પણ લહાણીનું વિતરણ કરેલ હતું.

## અમરેલી નેત્રમ દ્વારા ગુમ થયેલાઓને શોધીને પરિવાર સાથે મિલન કરાવાયું

### કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર અમરેલી જિલ્લા દ્વારા સેવા



અમરેલી,કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪-૭ કલાક સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહેલ છે.મહુવા શહેરના નાગરીક પ્રવિણભાઈ ધીરૂભાઈ સાંખટ રહે. મોટાપીપળવા તા.મહુવા જી.ભાવનગર વાળા આજરોજ તા.૧૨/૧૦/૨૦૨૪ અત્રે 'નેત્રમ 'કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી ખાતે આવેલ હોય અને જણાવેલ કે, તેઓ ના કિશોરભાઈ ધીરૂભાઈ સાંખટ ગઈ તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ ભવાનીનગર મહુવા તા.મહુવા જી. ભાવનગર તેઓના ઘરેથી કોઈને કહયા વગર જતા રહેલ હોય, જે અંગે મહુવા પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ નંબર ૪૫/૨૦૨૪ દાખલ થયેલ હોય, જે અંગે અમરેલીથી કિશોરભાઈએ કોઈ અજાણ્યા ઈસમના ફોનમાંથી તેઓના સંબંધીને ફોન કરતા પ્રવિણભાઈ ધીરૂભાઈ સાંખટ અમરેલી આવી શોધખોળ કરતા આ કિશોરભાઈ મળી આવેલ ન હોય. જે અંગે અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ના પોલીસ સ્ટાફ દ્વારા અમરેલી બસ સ્ટેશન તથા લાઠી રોડ ચોકડી પાસેના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરતા જણાવેલ શંકાસ્પદ ઈસમ લાઠી રોડ ચોકડી પાસે આવેલ રામ ફરસાણ નામની દુકાનમાં જતા જોવા મળતા તેને ટ્રેસ કરતા આ ગુમ થનાર કિશોરભાઈના ભાઈ પ્રવિણભાઈ ધીરૂભાઈ સાંખટને સાથે રાખી લાઠી ચોકડી ખાતે રામ ફરસાણ નામની દુકાનમાં જતા આ કિશોરભાઈ મળી આવેલ હોય. જે અંગે ખાત્રી કરી ગુમ થનાર કિશોરભાઈ ધીરૂભાઈ સાંખટનો તેઓના પરિવાર સાથે મિલાપ કરાવેલ છે.

## બાબરાનાં સુખપુર ગામે કોળી સમાજ વાડીનું ખાતમુહુર્ત કરાયું

### જિ.પં.ની ગ્રાન્ટમાંથી પાંચ લાખ રૂપિયા ફાળવાયા



બાબરા, (દિપક કનૈયા) બાબરા તાલુકાના સુખપર ગામે જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી રૂપિયા પાંચ લાખ નો સેડ સુખપર ગામે કોળી સમાજની વાડીમાં ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ બાબરા તાલુકા ભાજપ ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા સુખપર ગામના સરપંચ વલ્લભભાઈ બારૈયા તાલુકા પંચાયત સદસ્ય વિનુભાઈ ઝાપડિયા યોગેશભાઈ ગોહિલ લાલભાઈ ગોહિલ કસાદાદા ઝાપડિયા માધભાઈ બારૈયા અરવિંદભાઈ રાઠોડ કાનભાઈ શેખલીંબા ભાઈ ઝાપડિયા વિઠ્ઠલભાઈ જાદવ વાલાભાઈ જાદવ ભરતભાઈ ઝાપડિયા અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### સુરત સે સરહદ તક કાર્યક્રમ અંતર્ગત સંસ્થાની છઠી ટૂર

## ભારત-પાક કચ્છ બોર્ડર પર સુરતનાં યુવાનો દિવાળી મનાવશે



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)ભારત દેશનાં સીમાડા સાચવતા આપડા વીર બહાદુર જવાનો સાથે દિવાળી નાં તહેવારો મીઠાઇ તેમજ ગિફ્ટ આપી ને મનાવવા સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત ની ટીમ નાં નવ સભ્યો ભારત પાક કચ્છ બોર્ડર પર જવા રવાના થયા હતા જેને ઉતરાણ ખાતે આવેલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી સ્કૂલ ખાતે થી શહેર નાં પ્રબુદ્ધ નાગરિકો દ્વારા ફ્લેગ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. સંસ્થા નાં પ્રમુખ ઘનશ્યામ બિરલા એ આં અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે અમારી ટીમ છેલા પાચ વર્ષ થયાં દરેક દિવાળી નાં તેહવારો ની ઉજવણી આપડા વીર જવાનો સાથે કરે છે આં અમારી સંસ્થા ની છઠી ટૂર છે. પ્રોગ્રામ માં સંસ્થા ઉપ્રમુખ ડોક્ટર મધુકાંત ગોંડલિયા સેક્રેટરી હરેશ માંગરોળીયા ટ્રસ્ટી શ્રી દુર્લભ નસિત .રમેશ ભાદાણી.બાબુલાલ વેકરીયા જે ડી પટેલ.મહેશ કયાડા.રસિક વસાણી.નરેશ દેવલીયા જેવા લોકો જોડાયા હતા.

## ઉનામાં રખડતા ઘોડાઓનો કાયમી ત્રાસ



ઉના, (નિરવ ગઢીયા)

ઉનામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર રખડતા ઘોડાઓએ દિવસભર આતંક મચાવ્યો રોડની વચોવચ ચાલતા મોટર સાયકલ ને હડફેટે લેતા બાઈકચાલક જીવથી જતા બચી ગયો.આજે આ બનાવ બન્યો તેમ અનેક વખત આ રખડતા ઘોડા અકસ્માતના ભોગ લોકો,રાહદારીઓ બની ચૂકયા છે પણ ઘોડા માલિકને પોતાના ઘોડાની લાખોની કમાણી કરી રોડ પર રખડતા ઢોરોની માફક ખુલ્લા ઘોડાને હાઈવે પર છોડી દેવામાં આવે છે જેમાં છાશવારે અક્સ્માતનાં બનાવો બને છે પરંતુ ઘોડા માલિક કે તંત્રને કોઈ ફરક પડે એવું લાગતું ન હોવાથી તંત્ર દ્વારા આ ઘોડા માલિક સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી આવી બેદરકારી દાખવનાર ઘોડા માલિક સામે યોગ્ય કાર્યવાહી કરી કડક કાર્યવાહી કરવા લોક માંગ ઉઠી છે અગાઉ પણ આ ઘોડા માલિકની બેદરકારી સામે અરજીઓ થયેલ હોય પરંતુ તંત્રએ મોન સેવ્યું આજ દિન સુધી તંત્ર દ્વારા આ ઘોડા માલિક સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી..અને જો આવુજ રોડ પર બન્યું અને કોઈનો જીવ ગુમાવ્યો તો આના જવાબદાર કોણ ? તંત્ર કે ઘોડા માલિક એ પણ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે

## બાબરા નાગરિક સહકારી બેંકના ચેરમેન પદે હસુભાઈ રાજપોપટની બિનહરીફ વરણી કરાઇ



બાબરા, (દિપક કનૈયા) તાજેતરમાં યોજાયેલી બાબરા નાગરિક સહકારી બેંક ની ચુંટણી માં હસુભાઈ રાજપોપટની બેનલનો ભવ્ય વિજય થયો હતો જેમાં ૧૩ ઉમેદવારો માંથી ૧૨ ઉમેદવારો વિજેતા જાહેર થયા હતા, વિજેતા ડીરેકટરો દ્વારા હસુભાઈ રાજપોપટ ને નાગરિક બેંક ના ચેરમેન પદે બિનહરીફ જાહેર કરીયા હતા આ તકે આગેવાનો પૂર્વ ડીરેકટરો વેપારીઓ મિત્રો બાબરાના ઉદ્યોગપતિઓ પત્રકાર મિત્રો ખાદી મિત્ર મંડળ ગ્રૂપ સહિત ભાજપના આગેવાનો હોદ્દેદારો કાર્યકર્તાઓ એ અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી તાપડીયા આશ્રમ ખાતે

## બાબરામાં પુજ્ય ઘનશ્યામદાસબાપુનાં પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણ કરાઇ

### સવારે માર્કંડ પુજા અને દિર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરાઇ



બાબરા, (દિપક કનૈયા)

પવિત્ર આસો સુદ એકાદશીને તારીખ ૧૪/૧૦/૨૦૨૪ ને સોમવાર ના દિવસે હર વર્ષ ની જેમ આ વર્ષે પણ બાબરા શ્રી તાપડિયા અશ્રમ ખાતે શ્રી મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહંત શ્રી ઘનશ્યામ દાસજી મહારાજ શ્રી નાં પ્રાગટ્ય દિન નિમિતે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પુજય ગુરુવર્ય શ્રી ઘનશ્યામ દાસજી મહારાજ શ્રી નાં નિરોગી અને લાંબા આયુષ્ય માટે શ્રી મર્કેન્ડ પૂજા નું આયોજન કરવા માં આવ્યું હતું. આ તકે સદગુરુ ભગવાન શ્રી પુજય ઘનશ્યામ દાસ બાપુ ના સુરત રહેતા સેવક હિતેનભાઈ જસાણી એ હર વર્ષ ની જેમ પુજય બાપુ નું પૂજન અર્ચન કરી સદગુરુ ભગવાન શ્રી ઘનશ્યામ દાસજી મહારાજ શ્રી નાં નિરોગી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ તકે વંશ પરમ પારંગત નાં ભૂદેવ ડો ગિરીશદાદા લક્ષ્મી શંકર દાદા શાસ્ત્રીજી, રાજકોટ નાં વિદ્વાન બ્રાહ્મણ શ્રી જગદીશ દાદા શાસ્ત્રી, નીખીલભાઈ કનૈયા અને મિહિર દાદા તેરૈયા સહિત નાં ભૂદેવો એ મંત્રો ઉચાર કરી સદગુરુ ભગવાન શ્રી પુજય શ્રી ઘનશ્યામ દાસજી મહારાજ શ્રી નાં જીવન માટે ની મંગલ કામના કરી હતી.

## નવરાત્રી મહોત્સવ નિમિતે બાબરા વિસ્તારની ગરબીઓમાં દર્શનનો લાભ લેતા શ્રી તળાવીયા

### તાલુકા ભાજપનાં શ્રી રાખોલીયા, શ્રી રાદડીયા સહિત આગેવાનો જોડાયાં

બાબરા, (દિપક કનૈયા)બાબરા શહેર અને તાલુકા ની ગરબી મંડળ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ અંતર્ગત બાબરા લાઠી દામનગર ના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા એ તાલુકા અને શહેર ની ગરબી મંડળ ની મુલાકાત લીધી હતી અને માતાજી ના દર્શન નો લાભ મેળવ્યો હતો આશીર્વાદ મેળવ્યા હતા આ બાબરા હર ભોલે સોસાયટી સહિત મેલડી માતાજી ધામ ખાતે મુલાકાત લીધી હતી આ તકે બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા શહેર ભાજપ મહામંત્રી બિપીનભાઈ રાદડિયા રસીકભાઈ ગોઝારીયા રાજુભાઈ વિરોજા મુકેશભાઈ ખોખરીયા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર જીલ્લા પંચાયત ના સભ્ય હીંમતભાઈ દેત્રોજા સહીત અન્ય હોદ્દેદારો કાર્યકર્તાઓ પણ સાથે જોડાયા હતા અને માતાજી ના દર્શન નો લાભ મેળવ્યો હતો.

## બગસરામાં બાળાઓને ઇનામ વિતરણ



બગસરા, (સમીર વિરાણી)

બગસરામાં ગોકુલપરા પટેલવાડી પાસે નવરાત્રી દરમિયાન નાની નાની બાળા જેમાં ૧૬૦થી વધુ બાળાઓ રાસ લેતી હોય છે જેમાં આરાધના ગ્રુપ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી આ બાળાઓને રાસ રમવા માટેનું ગોકુળપુરા પટેલ વાડી પાસે આયોજન કરવામાં આવે છે જેમાં ૧૬૦થી વધુ બાળકો રાસ લે છે ત્યારબાદ દરરોજ તેમને પેટભર નાસ્તો કરાવવામાં આવે છે અને છેલ્લાં નોરતે આ બાળાઓને ઈનામ વિતરણ કરવામાં આવે છે.

## લીલીયા નજીક ક્રાકચ રોડના પેચ વર્ક માર્ગ મકાન ખાતાએ જ ઉખેડી નાખ્યાં

### લાલાવદર, સલડી, ગોઢાવદર રોડની ભયંકર હાલત

અમરેલી,અમરેલી થી ક્રાંકચ ૩૦ કીમી રોડ એકસિડન્ટ ઝોન તરીકે જાહેર થઈ ચૂક્યો છે. કારણ કે આ રસ્તાના વિવિધ ભાગોમાં એવાં વળિયા એટલે લાંબા લાંબા ખાડાઓ પડી ગયાં છે કે જે જેમાં મોટરસાયકલનું વ્હીલ ફસાઈ જાય તો બહાર નીકળવું અઘરું પડે અને સામેથી આવતા વાહનની સાથે અથડાઈ જાય. આવું ઘણા બધા લાંબા સમય સુધી ચાલ્યું અને હવે આ રસ્તાના કેટલાંક ટુકડાઓમાં પેચ વર્ક કરવામાં આવ્યું છે. પણ આજે પણ લાલાવદર સલડી ગોઢાવદર વચ્ચે એવી જ હાલત છે આ સિવાય પણ લીલીયા થી ક્રાંકચ જ સુધી આ જ રીતે લીટાઓ પડી ગયાં છે. બે ત્રણ દિવસ પહેલાં માર્ગ અને મકાન વિભાગને શું સુજ્યું કે તેમણે જે જે જગ્યાએ પેચ વર્ક કરવાનું હતું ત્યાં ડામર નું પેચ વર્ક કામ કર્યું છે. પણ 'આંધળો વણે અને વાછડો ચાવે' તે કહેવત મુજબ પહેલા પેચ વર્ક કર્યું અને હવે જેસીબીથી જંગલ કટીંગ કરે છે. એટલે કે જે પેચ વર્ક કરેલું હોય તાજું છે તેમાં જેસીબી ઉભું રહે એટલે તેનાથી પેચ વર્ક તૂટી જાય તે સ્વાભાવિક છે. એટલે સરકારના પૈસાને પાણી કરવા માટે અધિકારીઓ કેવા હતગંડાઓ અપનાવે છે. તેનાથી પ્રજા કેટલી હેરાન થાય છે તે જોવાનો વિષય છે. ખરેખર તો આ પ્રકારનું કામ કરનારા લોકોને તાત્કાલિક અસરથી ડિસ્મિસ અને સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરવી જોઈએ. જેથી અને તેમણે જે પ્રજાના પૈસાનો ફેરફાર કર્યો છે તે તેમની પાસેથી વસૂલ કરવા જોઈએ. લીલીયાથી ક્રાકચની વચ્ચે થયેલા પેચ વર્ક કામમાં અત્યારે જેસીબી દ્વારા જે જંગલ કટીંગનું કામ ચાલી રહ્યું છે તેનાથી બાવળ તો નીકળી જશે પણ સાથે સાથે પેચ વર્કનું કામ પણ નીકળી જશે.એટલે લાખો રૂપિયા સરકારના બરબાદ થશે આવું કરનારા ક્યારે સુધરશે તે પણ એક સવાલ છે.! તેમ તખુભાઈ સાંડસુર દ્વારા જણાવાયું છે.

## સરકારી કર્મચારીઓના પગાર ભથ્થા ચુકવવા હુકમો

અમરેલી,

ઓકટોબર ૨૦૨૪ માસના પગાર ભથ્થા અને પેન્શનની વ્હેલી ચુકવણી કરવા રાજયના નાણા વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. કર્મચારીઓના પગાર, ભથ્થા ચુકવવા પાત્ર હોય તે તમામ પછીના માસના પ્રથમ ત્રણ કામ કાજના દિવસો દરમિયાન સ્ટેગરિંગ પ્રથા અનુસાર ચુકવાના હુકમ કરેલ છે. દિવાળીનો તહેવાર ૩૧-૧૦-૨૪ના રોજ હોય તે ધ્યાને લઈ રાજય સરકારે ઓકટોબર માસના પગાર ભથ્થા પેન્શનની વ્હેલી ચુકવણી કરવાનો નિર્ણય લીધેલ છે. તેમ નાયબ સચિવ નાણા વિભાગ દ્વારા જણાવાયું છે.


## બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિ ચૂકવાઇ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખા ના સભાસદ શ્રી સાંગાભાઈ ડાયાભાઈ માટીયા નું આકસ્મિક અવસાન થતા તેમના વારસદાર ને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિ ની રકમ રૂપિયા ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, ડિરેક્ટર ઈન્દુકુમાર ખીમસુરિયા જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવી હતી.

## ડેડાણમાં શ્રી ભગવતી ગરબી મંડળ ચોકમાં દશેરાએ શસ્ત્ર પુજન કરાયું



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણ ભગવતી ગરબી મંડળચોકમાં માં શકિતની ઉપાસના કર્યા બાદ દશેરાના દિવસે જીવનના હર ક્ષેત્રમાં વિજયની કામના સાથે શસ્ત્ર પુજન કરવામાં આવેલ. રાજવી વિજુભાઈ એમ.કોટિલા, વિહીપીના પ્રમુખ સંજયભાઈ વહરા, ઉપપ્રમુખ વિપુલભાઈ ચોવટીયા, શિવાજી નેતાના પ્રમુખ સંજયભાઈ ભાલીયા, મનુભાઈ બારૈયા, જીલ્લાના પુર્વ પ્રમુખ બાબુભાઈ મકવાણા, રજનીકાંતભાઈ જયસ્વાલ, વિજયભાઈ માઢક, ખાંભા ઝવેરભાઈ, કાંતિભાઈ ઠુંમરની ઉપસ્થિતિમાં શસ્ત્ર પુજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પત્રકાર બહાદુરભાઈ હિરાણી સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષ કલાલ તેમજ પ્રતિક માઢકે જહેમત ઉઠાવી હતી.

## બાબરા સામુદ્રી માતાના મંદિરે નવરાત્રી ઉજવાઇ

### ખેલૈયાઓને એક પેડ માં કે નામ ઉછેરવા હાંકલ



બાબરા, (દિપક કનૈયા) બાબરા શહેરમાં બાબરા ચેમ્બર ઓફ કોર્મસના પ્રમુખશ્રી મુન્નાભાઈ મલકાણ દ્વારા દર વર્ષે સામુંદ્રીમાતાના મંદિરમાં નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેમાં દરરોજ ખેલૈયાઓને લ્હાણી આપવામાં આવે છે. આ વર્ષે મુન્નાભાઈ મલકાણ દ્વારા અખંડ ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોને મૂર્તિમંત કરવા પર્યાવરણને અનુલક્ષીને પોતાનો વૃક્ષ પ્રેમ અનેરી રીતે દર્શાવ્યો છે. મુન્નાભાઈ મલકાણ દ્વારા આ વર્ષે ખેલૈયાઓને ૩૫૦ કુંડા સાથે રોપાનું વિતરણ કરી સમાજમાં વધુને વધુ વૃક્ષો ઉછેરવામાં આવે તે માટે અનેરી હાકલ કરી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરુ પાડેલ છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## ગીર સોમનાથમાં રૂ.૩૨ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ

ગીર સોમનાથ, સમગ્ર રાજયમાં 'વિકાસ સપ્તાહ'ની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૩ વર્ષના સફળ, સક્ષમ અને સમર્થ નેતૃત્વની તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વિકાસના એક નવા સોપાન તરીકે રામમંદિર ખાતે જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને રૂ.૩૨ કરોડના પ્રજાલક્ષી વિકાસ કાર્યોનો ઈ-ખાતમુહૂર્ત અને ઈ -લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.કલેક્ટરશ્રીના હસ્તે જિલ્લાના રૂ.૧૧.૭૫ કરોડના ખર્ચે ૮૫ ઈ-ખાતમુહૂર્ત અને રૂ.૨૦.૨૩ કરોડના ખર્ચે ૯૦ વિવિધ કામનું ઈ-લોકાર્પણ થયું હતું. જેમાં રૂ.૧.૩૯ કરોડના ખર્ચે સોમનાથ વિધાનસભા વિસ્તારના ૨૪ કામ, રૂ.૫.૪ કરોડના ખર્ચે તાલાલાના ૬૭ કામો, રૂ.૧૦.૭૫ કરોડના ખર્ચે કોડીનારના ૩૩ કામો અને રૂ.૧૪.૪૪ કરોડના ખર્ચે ઉના વિધાનસભા વિસ્તારના ૫૧ વિવિધ કામોનો સમાવેશ થાય છે.કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળમાં અનેક પ્રજાલક્ષી વિકાસ કાર્યોની રાજયને ભેટ આપી છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકલક્ષી અભિગમ અપનાવીને ગુજરાતના સર્વાંગી વિકાસ માટેના ભગીરથ પ્રયાસો કર્યા છે. જેના કારણે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં વિકાસનું રોલમોડલ બન્યું છે.વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના પ્રજાજનોને જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી, સરદાર સરોવર ડેમની ઊંચાઈ પૂર્ણ સપાટી સુધી લઈ જઈ સૌરાષ્ટ્રને પીવાના પાણીની તંગીમાંથી મુક્તી અપાવવી, ઔદ્યોગિક વિકાસ, રોડ-રસ્તા કનેક્ટિવિટી સહિતની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક પ્રથમના અભિગમથી સુદ્રઢ શાસનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે.

## લીલીયામાં રાધે મોટર્સ એન્ડ બેટરીનો આજથી પ્રારંભ

### ગલ્ફ, એમરોન, વોલ્વો લાઇનના ઓથોરાઇઝ ડિલર દ્વારા નવુ સાહસ

લીલીયા, (અશોક વિરાણી)

લીલીયામાં આજ તા.૧૭ને ગુરૂવારથી રાધે મોટર્સ એન્ડ બેટરી નું મંગલ ઉદઘાટન સવારે ૯ થી યોજાશે. રાધે મોટર્સમાં ગલ્ફ, એમ્રોન, વોલ્વોલાઈન સહિત ઓઈલ, બેટરી, ટુ વ્હીલ ફોવ્હીલના તમામ ઓઈલ અને દરેક જાતના સ્પેરપાર્ટસ રાધે મોટર્સ એન્ડ બેટરીમાં ઉપલબ્ધ રહેશે. લીલીયાના લાઠી રોડ ખાતે રાધે મોટર્સ એન્ડ બેટરી દ્વારા યોજાનાર ઉદઘાટનની તૈયારીઓ થઈ રહી છે. રાધે મોટર્સ એન્ડ બેટરીના શ્રી અશોકભાઈ પોપટભાઈ વિરાણી, અજયભાઈ અશોકભાઈ વિરાણી, ગોપાલભાઈ અશોકભાઈ વિરાણી સહિતના વિરાણી પરિવાર જનો દ્વારા ઉત્સાહભેર તૈયારી થઈ રહ્યાનું જણાવ્યું છે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

## મહુવામાં રૂપિયાની ઉઘરાણીમાં ત્રણ શખ્સોએ યુવાનની કરેલી હત્યા

### શપરા ગામના અશોક શામજીભાઇ સાંખટ સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

મહુવા,

મહુવા નજીક પૈસાની લેતી દેતી બાબતે ત્રણ શખ્સોએ માથાના ભાગે ગંભીર ઈજા કરી એક યુવાનની ઘાતકી હત્યા કર્યાનો બનાવ બનેલ છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ મહુવા વાઘ નગરમાં રહેતાં નાજાભાઈ સોલંકી તેના મોટરસાયકલ ઉપર તરેડા ગામના પાટીયા પાસેથી ફાટસુરા જવાના રસ્તેથી પસાર થતાં હતાં ત્યારે શપરા ગામના અશોક શામજીભાઈ સાંખટ, ચકુર વેલજીભાઈ સાંખટ અને રાહુલ મંગાભાઈ ભાલીયા નામના ત્રણ શખ્સોએ તેને રસ્તા વચ્ચે આંતરી ઉભા રાખી માથાના ભાગે બોથડ પદાર્થના ઘા જીકીં હત્યા કરી મોટરસાયલક રોડની સાઈડમાં ફેંકી નાસી છુટયા હતાં. આ બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો. અને તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે મૃતક નાથાભાઈના ભત્રીજા પંકજ રૂખડભાઈ સોલંકીએ મહુવા પોલીસમાં પોતાના કાકા નાજાભાઈ સોલંકીની હત્યા અંગે ફરિયાદ નોંધાવી છે. તેમાં જણાવ્યું હતું કે તેના કાકા એ શપરા ગામના અશોક સાંખટ પાસેથી રૂપિયા લીધા હતાં અને તેની પાસે વારંવાર ઉઘરાણી કરતાં હતાં પરંતુ તેની પાસે સગવડતા ન હોય રૂપિયા આપી શકે તેમ ન હતાં. તેથી તેની હત્યા કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે મહુવા રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ આર.જે. યાદવ ચલાવી રહ્યા છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જુનાગઢ તથા ગીર સોમનાથની ચોરીના બે ગુનામાં નાસતા ફરતા આરોપીઓ ઝડપાયા

### છેલ્લા ૧૪ વર્ષથી આરોપીઓ નાસતા ફરતાં હતા : અમરેલી એલસીબીએ દબોચી લીધા



અમરેલી,

અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમે જુનાગઢ જિલ્લાના મેંદરડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૧/૨૦૧૦, ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ગીર સોમનાથ જિલ્લાના તલાલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૯/૨૦૧૦, ઈ.પી.કો. કલમ મુજબના કામના આરોપીઓ કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતો હોય, લીસ્ટેડ આરોપીઓને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે વલ્લભભાઈ મનજીભાઈ કાવઠીયા, ઉ.વ.૫૧, શોભાબેન વા/ઓ. વલ્લભભાઈ મનજીભાઈ કાવઠીયા, ઉ.વ.૪૩,રહે.રાજકોટ, કોઠારીયા, લાપાસણી ચોક, વેલનાથપરા, રણુજામંદિરની પાસે, તા.જિ.રાજકોટ મુળ રહે.પુતેળીયા, તા.બગોદરા, જિ.અમદાવાદ વાળાને પકડી પાડવામાં સફળતા મળેલ છે.આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા એ.એસ.આઈ. જાવિદભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ. મનીષભાઈ જાની, રાહુલભાઈ ઢાપા, તુષારભાઈ પાંચાણી પો.કોન્સ. હિનાબેન મેવાડા દ્વારા કરવામાં આવેલ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## ભુજના ઔધોગિક તાલીમ કેન્દ્રમાં કિશોરી જાગૃતિ અભિયાન યોજાયું

ભુજ,જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગના સંકલન દ્વારા પૂર્ણા યોજના વિશે અંદાજિત ૭૫ કિશોરીઓને ITI મા સરકારશ્રીની વિવિધ યોજના વિશે માહિતગાર કરવામાં આવીહતી. કિશોરીઓને આહાર, પોષણ, પૂર્ણા શકિતનું મહત્વ સમજાવી મહત્તમ ઉપયોગ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. BMI, IFAની ગોળી વિશે તેમજ HB વિશે કિશોરીને જિલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટ દ્વારા માહિતી આપવામાં આવી. SHE ટીમ દ્વારા સાઈબર ક્રાઈમ, ગુડ ટચ-બેડ ટચ વિશે પ્રાયોગિક ડેમો દ્વારા કિશોરીઓની સમજ આપવામાં આવી તેમજ કિશોરીને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું.SHE TEAM નાશ્રી યુ.ડી.ગોહિલ PSI, શ્રી રમીલા બેન શાહુ- હેડ કોન્સ્ટેબલ, શ્રી ગાયત્રીબેન બારોટ -હેડ કોન્સ્ટેબલ દ્વારા સાઈબર ક્રાઈમ તેમજ ગુડ ટચ બેડ ટચ વિશે પ્રાયોગિક ડેમો દ્વારા કિશોરીઓની સમજ આપવામાં આવી. તેમજ કિશોરીને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવાર










## કોઈ સ્પર્ધા વિના તમામ ખેલૈયાઓને એકસરખી ૧૫ વસ્તુઓ આપી પ્રોત્સાહિત કરાયાં

# રાજુલામાં બ્રહ્મ રાસોત્સવમાં પુષ્પવર્ષાથી સ્વાગત

**બ્રહ્મ રાસોત્સવનું ભવ્ય આયોજન થતાં મોડી રાત સુધી રાસ ગરબાની રમજટ બોલી : ૧૦૦ મહિલાઓને ૧૫ વસ્તુઓથી સન્માનિત કરવામાં આવી**

**બ્રહ્મ રાસોત્સવ નિમિતે બાળકોને પણ પ્રોત્સાહિત કરાયા : બ્રહ્મ સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપર પુષ્પવર્ષા કરી આવકાર્યા : ખુશીનો માહોલ**


તસવીરો : આકાશ ભટ્ટ

રાજુલા,(કનુભાઈ વરૂ)
રાજુલા ખાતે બ્રહ્મસમાજ યુવા સંગઠન દ્વારા બ્રહ્મ રાસોત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં મહિલાઓને ૧૫ વસ્તુઓથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ બ્રહ્મ રાસોત્સવના છેલ્લા દિવસે સમાજની નાના માં નાની વ્યકિતથી લઈ તેમજ સમાજનાતમામ શ્રેષ્ઠીઓ ઉપર પુષ્પવર્ષા કરવામાંઆવીહતી.અંતિમદિવસે ૧૦૦ મહિલાઓ અને ૧૦૦ બાળકોને ૧૫ વસ્તુઓ આપવામાં આવી હતી આ બ્રહ્મ રાસોત્સવના કાર્યકર્તાઓ આગેવાનો દ્વારા સમાજની દરેક નાની વ્યકિતઓ અહી ગરબામાં આવતી હતી તે તમામનું સન્માન કરવામાં આવ્યું હતું કારણ કે સમાજની નાની વ્યક્તિ સમાજનું અભિન્ન અંગ હોય છે આ તકે તમામ સામાજિક રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રહ્મ રાસોત્સવ માં બ્રહ્મસમાજ યુવા સંગઠન - રાજુલા કમિટી મેમ્બર દુષ્યંત ભટ્ટ સાવન રાજયગુરુ જીગ્નેશભાઈ ઉપાધ્યાય ભાર્ગવ વ્યાસ અભિષેક જોશી નીરવભાઈ જાની અખિલ વ્યાસ કૃણાલ રાવલ માધવ ઠાકર હર્ષ પંડ્યા સચિન જોશી પાર્થ વ્યાસ આકાશ ભટ્ટ ગીત ત્રિવેદી ભાર્ગવ ઓઝા પ્રણવ ઓઝા તેમજ સલાહકાર સમિતિ પ્રફુલભાઈ રાજ્યગુરુ પરાગભાઈ વ્યાસ નીરવભાઈ ભટ્ટ ચિરાગભાઈ જોશી કમલેશભાઈ વ્યાસ મહેશભાઈ રાજ્યગુરુ રાકેશભાઈ જોશી રવિભાઈ વડીયા દીપકભાઈ ત્રિવેદી શશિભાઈ રાજયગુરુ (કવિ હેમાળવી) બ્રહ્મસમાજ યુવા સંગઠનના તમામ હોદેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી .આ બ્રહ્મ રાસોત્સવ માં દરેક બ્રહ્મસમાજના પેટા જ્ઞાતિના આગેવાનો સામાન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાહતા.

## ભાજપા સરકાર પોતાનો રવૈયો બદલે અને ઉદ્યોગગૃહોના ઇશારે ભાજપ સરકાર ગામડાં ભાંગવાનું બંધ કરે : શ્રી વિરજીભાઈ ઠુંમર

**ભાજપા સરકારના લક્ષને ક્યારેય સિદ્ધ નહીં થવા દે**



બાબરા, અગાઉ ભાજપા સરકારે ખેતીની જમીન ખરીદવાની ૮ કિમીની મર્યાદા તોડી તેના કારણે ગુજરાતનો સમાંતર વિકાસ અટકી ગયો, અને ગામડા ખાલી થઈ ગયાઆજની ગામડાની દરિદ્રતા માટે આ છૂટછાટનો કાયદો જવાબદાર છે અને હવે સમૂળગી ગામડાની ભૂગોળ બદલવાની માનસિકતાસાથેબિનખેડૂતખાતેદારનેખેતીની જમીનખરીદવાનીછૂટછાટઆપવાથીગામડા વધુ ગરીબ અને દરિદ્ર થશે. રાજ્યની ભાજપા સરકાર જેમ દારૂ બંધીના કાયદાનું પાલન કરાવવામાં સદંતર નિષ્ફળ ગઈ એટલે દારૂ બંધીના કાયદા હળવા કર્યા તેમ બોગસ ખેડૂત ખાતેદાર થતા અટકાવવામા નિષ્ફળ ગઈ એટલે બિન ખેડૂત ખાતેદાર ખેતીની જમીન ખરીદીને છૂટછાટ આપવાનું વિચારી રહી છે આમ રાજ્ય સરકારનો બાબુ આધારિત વહીવટ શેખચલ્લી માફક થઈ રહ્યો છે. રાજ્ય સરકાર એક પછી એક નિર્ણય ગામડાને ખતમ કરવાના લઈ રહી છે શરૂઆતમા ગામડાંની શાળાઓ શિક્ષક વગર કરી અને અંતે શાળાઓ બંધ કરી, આરોગ્ય અને સુરક્ષાની સમસ્યા ઉપર બેધ્યાન બની આમ ગ્રામ જીવનને સદ્ધર બનાવવાને બદલે અસુરક્ષિતતાની ભેટ આપી. ખેડૂતો ખેતીની જમીન ખાલી કરે અને ઉદ્યોગગૃહોને હવાલે કરે. આ લક્ષ સાથે ભાજપા સરકાર છેલ્લા ૨ ૩ વર્ષથી ગુજરાતમાં કાર્ય કરે છે અને વર્તમાનની ખેતી અને ગામડાની સ્થિતિ તે તેનું પરિણામ છે. ભાજપા સરકાર પોતાનો રવૈયો બદલે અને ઉદ્યોગગૃહોના ઈશારે ગામડાં ભાંગીને ગુજરાતને બરબાદ કરવાનું બંધ કરે કેમ છે પ્રેમ શ્રી ઠુમરે અંતમાં જણાવ્યું હતું.

## કુંડલામાં કોફી વીથ કલેક્ટર કાર્યક્રમ યોજાયો

**ડીડીઓ શ્રી પંડ્યા સહિત અધિકારીઓની ઉપસ્થિતિ**



સાવરકુંડલા, (સૌરભ દોશી)અમરેલી જિલ્લા માં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત આજે શ્રી અજય દહિયા, કલેકટરશ્રી અમરેલી ની અધ્યક્ષતામાં 'કોફી વિથ કલેકટર' કાર્યકમ યોજાયો જેમાં સમગ્ર જિલ્લા ની રમતગમત, શિક્ષણ, એન. સી.સી., વગેરે ક્ષેત્રો માં ઝળહળતી સિધ્ધિઓ હાંસલ કરેલ દીકરીઓ હાજર રહેલ અને તેઓએ કલેકટર અને શ્રી પી. બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમરેલી સાથે પણ સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં ડો. મનીષાબેન મુલતાની, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી અને મહિલા અને બાળ અધિકારી શ્રીઓનો સ્ટાફ હાજર રહેલ. બેટી બચાવો બેટી પઢાવો નાં સંદેશ સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ. આજે વિશ્વ દિકરી દિવસ ઉજવણી થઈ રહી હતી.

## આરએસએસની ૯૯મી વર્ષગાંઠ ઉજવણીનાં ભાગરૂપે કુંડલામાં આરએસએસ દ્વારા પથ સંચલન કરાયું

**ભગવા ધ્વજ સાથે સંઘનાં કાર્યકરોનું સંચલન**



સાવરકુંડલા, (સૌરભ દોશી) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠની ઉજવણીના ભાગ રૂપે સાવરકુંડલા શહેરમાં ભવ્ય પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર ના જેસર રોડ તેમજ સોસાયટીઓ પર નીકળેલા આ પથ સંચલનમાં મોટી સંખ્યામાં સંઘ કાર્યકર્તાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સંઘ કાર્યકર્તાઓએ પરમ પૂજ્ય ભગવા ધ્વજ અને ગણવેશમાં સજ્જ થઈને શહેરના માર્ગો પર શોભા વધારી હતી. નગરવાસીઓએ પણ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાઈને ભગવા ધ્વજ પૂજન તેમજ પુષ્પવર્ષા કરીને સ્વાગત કર્યું હતું. તેમજ સ્વયંસેવકો દ્વારા આર એસ એસ ની સ્થાપના શતાબ્દી વર્ષ નિમિત્તો પંચ પરિવર્તન વ્યવહારમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં સમરસતા, સ્વદેશી, કુટુંબ પ્રબોધન પર્યાવરણ, નાગરિક શિષ્ટાચાર વિશે વાત કરવામાં આવી હતી.

## બાબરાની મેઇન બજારમાં રામ-રાવણ યુધ્ધ ખેલાયું

**દશેરાએ યુધ્ધ જોવા હજારોની સંખ્યામાં લોકો ઉમટ્યાં**



બાબરા, (દિપક કનૈયા)
બાબરા શહેર મા રામજીમંદિર યુવક મંડળ દ્વારા છેલ્લા ૧૩૫ વર્ષ થી પરમ્પરાગત રીતે નવનોરતા બાદ દશેરાના દિવસે રામ રાવણ યુધ્ધ કરવામાં આવે છે રામ લખમણ સીતાજી રાવણ તેમજ મનોરંજન માટે લીંબડી રાવણ ના પાત્રો રજું કરી સવારે ૯ વાગે થી મોટા રામજી મંદિર ખાતે થી ભગવાન શ્રી રામ ની યાત્રા સાથે હનુમાનજી મહારાજ બાબરા ની મેઈન બજારમાં નિકળ્યાં હતાં.સમગ્ર શહેરમાં રામ લક્ષ્મણ જાનકી અને હનુમાનજી ની યાત્રા બાદ રામજી મંદિર ખાતે રામ રાવણ ધમાસણ યુધ્ધ જોવા માટે મોટી સંખ્યામાં લોકો બહાર ગામ થી આવે તેમજ મોટા સંખ્યામાં લોકો ઉમટી પડે છે તેમ આ વખતે મેદની ઉમટી પડી હતી.

## અમરેલીના ગાવડકા એપ્રોચ રોડ રિપેર કરીને માઇનોર બ્રિજ બનાવવા માંગણી

**શ્રી મનિષ ભંડેરીએ નાયબ કાર્યપાલક ઇજનેરને કરેલી રજુઆત**



અમરેલી,અમરેલીના ગાવડકા એપ્રોચ રોડ રિપેર કરીને માઈનોર બ્રિજ બનાવવા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી મનિષ ભંડેરીએ નાયબ કાર્યપાલક ઈજનેરને રજુઆત કરી જણાવ્યું કે અમરેલીના ગાવડકા ગામના એપ્રોચ રોડ અને મહત્વના બે રોડ અમરેલી બગસરા અને અમરેલી ધારીને જોડતો મહત્વનો રોડ છે. રોડની હાલત ખરાબ હોય વાહનચાલકોને નુકશાની વેઠવી પડે છે. અને અવાર નવાર અકસ્માતો સર્જાય છે તેથી એપ્રોચ રોડમાં આવતાં બન્ને કોઝવેની જગ્યાએ માઈનોર બ્રિજ બનાવા માટેની માંગ કર્યાનું શ્રી મનિષ ભંડેરી જણાવ્યું છે.

**વાહ કયા સીન હૈ..!**



**યશ**

ફતેપુરનાં પત્રકાર સતિષભાઈ રાઠોડ અને કિરણબેન લાડલા તથા દાદા છગનભાઈ દાદી સવિતાબેન મોટાબાપુ રસિક ભાભુ શિલ્પાબેન કાકા જયંતીભાઈ કાકી સોનલબેન વાલો અને ભાઈ હર્ષ ભાભી રીધી બેન દીદી જાનકી પૂજા નેન્સી તન્વી પ્રિયાંશી પલક ભયલુ યસ નો આજ બર્થ ડે છે

## ચિતલમાં ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

**સૌરાષ્ટ્ર બાજ ખેડાવાડ બ્રાહ્મણ રાકોળિયા દવે પરિવાર દ્વારા આયોજન**

લીલીયા, (મહેશ દવે) અમરેલીના ચિતલમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાડ બ્રાહ્મણ રાકોળિયા દવે પરિવાર દ્વારા પીલવાઈ ધામમાં ૨૨મો ત્રિકુંડી શ્રીયજ્ઞ સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓને પારિતોષિક એનાયત તથા પુર્વ સંધ્યાએ મહાઆરતી, પ્રાચીન રાસ ગરબા યોજાનાર છે. તા. ૯-૧૧-૨૪ શનિવાર તથા ૧૦-૧૧-૨૪ રવિવારે બે દિવસના કાર્યક્રમો યોજાશે. તા. ૯-૧૧-૨૪ સાંજના ગાયકશ્રી કૌશિકભાઇ દવે, પંકજભાઇ દવે, અને સાથીદારો દ્વારા રાસગરબા ભજનની જમાવટ કરાશે. તેમ જણાવ્યુ છે.

## રાજયની પ્રાથમિક શાળાઓમાં આગામી ૨૮મીથી ૨૧ દિવસનું વેકેશન

**રાજયના શિક્ષણ નિયામકે પરિપત્ર બહાર પાડયો**

અમરેલી,
પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે દિવાળી વેકેશન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે તે મુજબ તા. ૨૮-૧૦ થી ૧૭-૧૧-૨૪ સુધી કુલ ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. હવે પછી દિવાળી અને ઉનાળુ વેકેશનની સુચનાઓ આપવા બાબતનો કોઈ પરિપત્ર બહાર પડશે નહી તેમ શિક્ષણ નિયામકે જણાવ્યું

## બાબરા પાલિકાનાં નવા બિલ્ડીંગને મંજુરી અપાવતા ધારાસભ્યશ્રી જનક તળાવીયા

**૧ કરોડ ૬૮ લાખનાં ખર્ચે પાલિકાનું નવુ અધતન બિલ્ડીંગ બનશે**



અમરેલી,બાબરા નગરપાલિકા નુ ઘણા વર્ષોથી જુનુ બિલ્ડીંગ હોય અવાર-નવાર વિકાસ ના કામ સબબ ધારાસભ્ય જનકભાઈ તળાવિયા નગરપાલિકા ની મુલાકાત લેતા હોય ત્યારે જાગૃત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા નગરપાલીકા કચેરી બાબરાનું હયાત બિલ્ડીંગ જર્જરીત હોવાનું ધ્યાને આવતા રાજયની ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરવામાં આવી હતી, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા એ નવા બિલ્ડીંગની માંગણી કરતા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૮૮ વર્ષ-૨૦૨૪-૨૫ અંતર્ગત રૂા. ૧ કરોડ ૬૮ લાખના ખર્ચે બાબરા ખાતે નગરપાલીકા કચેરીનું નવુ બિલ્ડીંગ મંજુર કરવામાં આવેલ છે.

## દિવાળીમાં દેવી દેવતાનાં ફોટા વાળા ચાઇનીઝ ફટાકડા પર પ્રતિબંધ મુકવા માંગણી કરાઇ

**રાજુલા બજરંગ દળનાં શ્રી ચિરાગ જોષીની રજુઆત**



રાજુલા, દિવાળી તહેવાર નજીક મા છે જેમા ઉજવણી ભાંગ રૂપે ફટાકડા ફોડી કરાય છે શહેર ગામે ગામ સ્ટોલ ઉભા થાય છે જેમાં અગાઉથી જ ચાઈનીઝ દેવી દેવતા ઓ ફોટાવાળા લક્ષ્મી બોમ્બ ફટાકડા વેચાણ થાય છે જે પ્રતિબંધ કરવામાં આવે તેવી અમારી માંગણી છે આ બાબતે પૂર્વ પ્રમુખ બજરંગદળ ચિરાગ બી જોષી રાજુલા દ્વારા તથા સનાતની ભક્તો માંગણી ઉઠવા પામી છે રજુઆત કરવામાં આવી રહી છે દેશમાં ઘણાં શહેરમાં પ્રદુષણ ખૂબ વધી ગયું છે બલેક ફટાકડા ચાઈનીઝ ફટાકડા ખૂબ પ્રદુષણ વધી રહેવા પામેલા છે દરવર્ષે અલગ અલગ કોર્પોરેશન તથા રાજ્યમાં દેવતા ફોટા ચાઈનીઝ ફટાકડા બ્લેક પ્રતિબંધ કરવામાં આવે છે જે આ વર્ષે પણ પ્રતિબંધ મૂકવા માંગણી ઉઠવા પામી છે રાજુલા પુર્વ પ્રમુખ બજરંગદળ ચિરાગ બી જોષી દ્વારા જણાવાયું કે બ્લેક ફટાકડા ચાઈનીઝ ફટાકડા થી પ્રદુષણ વધી ગયું છે લક્ષ્મી બોમ્ કૃષ્ણ બોમ્ દેવતા ફોટા વાળા ફટાકડા થી હિન્દુ ધર્મ લાગણી દુભાય છે દરવર્ષે પહેલા થી પ્રતિબંધ કરવામાં માંગણી છે તથા લોકો પણ ચાઈનીઝ ફટાકડા ન ખરીદવા કે ન ફોડવા અપિલ કરી છે.

### અવસાન નોંધ

સાવરકુંડલા
વાંઝા દરજી ચીમનભાઈ ટપુભાઈ ગોહેલ (ઉ.વર્ષ ૭૦)તે વિજયભાઈ અને ધર્મેન્દ્રભાઈ ના પિતા નું તા. ૧૫ મંગળવાર ના અવસાન થયેલ છે, તેમનું બેસણું તા. ૧૭ ગુરુવાર ના સાંજના ૪થી ૬ શ્રી વાંઝા જ્ઞાતિ વાડી, પોસ્ટ ઓફિસ રોડ, નાવલી પોલીસ ચોકી પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

